CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૫    શનિવાર, તા.૧૩-૦૪-૨૦૨૪    અંક : ૨૧૬ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ૧૬ એપ્રિલથી નામાંકન ભરશે ભાજપના ઉમેદવારો

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ૧૯ એપ્રિલે ગાંધીનગર બેઠક પર ઉમેદવારી પત્રક ભરશે

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૨

ત્રીજા તબક્કામાં દેશના ૧૨ રાજ્યોમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે આ તબક્કામાં ગુજરાતની લોકસભાની ૨૬ બેઠક અને વિધાનસભાની ૫ બેઠકની ચૂંટણી યોજાશે. આ અંગે શુક્રવારથી આદર્શ આચાર સહિતા લાગુ થઈ ગઈ છે. પ્રથમ દિવસે વિવિધ બેઠક પર ઉમેદવારી પત્ર ઉપાડવાનું શરૂ થઈ ગયું છે. જો કે મુખ્યપક્ષો ૧૬મી પછી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવાના છે. ભાજપના કેન્દ્ર અને પ્રદેશ ના સંગઠન ના નેતાઓ દ્વારા લોકસભા ચુંટણી ની ૨૬ બેઠકોના ઉમેદવારો માટે ઉમેદવારી પત્રક ભરવાની તારીખ નક્કી કરી દીધી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રાજ્યમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહથી લઈને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર પાટીલ તમામ લોકોની તારીખો નક્કી કરી દેવામાં આવી છે. સૂત્રો પ્રમાણે, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ૧૯ એપ્રિલે ગાંધીનગર બેઠક પર ઉમેદવારી પત્રક ભરશે. ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને નવસારી થી સાંસદ સી.આર પાટીલ ૧૮ એપ્રિલે ઉમેદવારી પત્રક ભરશે. આની સાથે સાથે પરશોત્તમ રૂપાલા ૧૬ એપ્રિલે રાજકોટ બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે. શોભનાબેન બારૈયા ૧૬ એપ્રિલે સાબરકાંઠા બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે. નિમુબેન બાંભણિયા ૧૬ એપ્રિલે ભાવનગર બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે. ભરતસિંહ ડાભી ૧૬ એપ્રિલે પાટણ બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે. રેખાબેન ચૌધરી ૧૬ એપ્રિલે બનાસકાંઠા બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે. મનસુખ માંડવિયા ૧૫ એપ્રિલે પોરબંદર બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે. હસમુખ પટેલ ૧૫ એપ્રિલે અમદાવાદ પૂર્વ બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે. દિનેશ મકવાણા ૧૬ એપ્રિલે અમદાવાદ પશ્ચિમ બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરશે.




## ૬૦ ફૂટ ઊંડા દરિયામાં મતદાન પ્રક્રિયાનું નિદર્શન

ભારતીય ચૂંટણી પંચ ચૂંટણીમાં મતદારોને જાગૃત કરવા માટે સતત ઝુંબેશ ચલાવી રહ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થવાનું છે તેથી મતદારોને જાગૃત કરવા તેમણે અનોખી પહેલ કરી છે. ચેન્નાઈમાં સ્કુબા ડાઈવર્સે દરિયામાં ૬૦ ફૂટની ઊંડાઈમાં જઈને પાણીમાં મતદાન પ્રક્રિયા હાથ ધરી હતી. 'હું ભારત છું, ભારત મારામાં છે' વિડિયોમાં જાગૃતિ ગીત પણ વાગે છે. આ વીડિયોને સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે.

## સોનું સર્વોચ્ચ સપાટીએ, ચાંદીમાં પણ 'ચાંદી'

મુંબઈ,તા.૧૨

વૈશ્વિક સ્તરે સોના-ચાંદીમાં આજે ફરી રેકોર્ડ બ્રેક તેજી જોવા મળી છે. સોનું ૨૪૧૨.૯૦ ડોલર પ્રતિ ઔંશની સર્વોચ્ચ ટોચે પહોંચ્યું છે. જ્યારે ચાંદીએ પણ ૨૯.૦૩ ડોલર પ્રતિ ઔંશની ઐતિહાસિક ટોચ નોંધાવી છે. સ્થાનિક સ્તરે એમસીએક્સ ખાતે પણ કોમોડિટી માર્કેટ ખુલતાની થોડી જ ક્ષણોમાં સોનાની કિંમત ૧૦ ગ્રામ દીઠ રૂ. ૭૨૬૭૮ અને ચાંદીમાં




પણ એતિહાસિક સપાટી નોંધાઈ છે.

એકબાજુ અમેરિકાના ફુગાવાના આંકડા અપેક્ષા કરતાં વધુ નોંધાતા રેટ કટની શક્યતાઓ ઘટી હતી. જોકે, ગઈકાલે અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ડેટા અપેક્ષા કરતાં સુધારા તરફી રહેતાં ફેડ દ્વારા આ વર્ષે રેટમાં ઘટાડો થવાનો સંકેત મળ્યો છે. લેબર ડિપાર્ટમેન્ટે રિપોર્ટમાં જણાવ્યું હતું કે, પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ અર્થશાસ્ત્રીઓની ૦.૩ ટકા વૃદ્ધિની અપેક્ષા સામે માર્ચમાં ૦.૨ ટકા વધ્યો હતો. બીજી બાજુ વૈશ્વિક સ્તરે વધતી જિઓ-પોલિટિકલ ક્રાઈસિસના કારણે રોકાણકારો સેફ હેવન તરફ રોકાણ વધારી રહ્યા છે.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે રાજકીય તણાવના પગલે ક્રૂડ ૯૦ ડોલર પ્રતિ બેરલની સપાટી વટાવી ગયું છે. નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓના મતે મધ્ય-પૂર્વીયમાં વધી રહેલા તણાવ અને ઓપેક દ્વારા જૂન સુધી ઉત્પાદનમાં કોઈ ફેરફાર ન કરવાના નિર્ણયના પગલે ક્રૂડમાં તેજી જારી રહી શકે છે.

## ગુજરાતમાં આગામી ૪૮ કલાકમાં ૧૩ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ,

હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૪૮ કલાક દરમિયાન મોટા ભાગના જિલ્લાઓમાં સામાન્યથી હળવા વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક આશ્રય યાદવે જણાવ્યું હતું કે હાલમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો પર સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જેને કારણે છૂટોછવાયો હળવો વરસાદ વરસી શકે છે. આગાહી મુજબ શુક્રવારે સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, આણંદ છોટા ઉદેપુર, દાહોદ, નર્મદા, વડોદરા, ભાવનગર, ગીરસોમનાથ અને અમરેલીમાં હળવા વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત દીવ અને દાદરાઅને નગર-હવેલીમાં પણ વરસાદની સંભાવના છે. જયારે શનિવારે વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, ગીર સોમનાથ, ભાવનગર અને દાદરા અને નગર-હવેલીમાં સામાન્ય વરસાદની શક્યતા છે.

## એરફોર્સને ફાઈટર એરક્રાફ્ટ મળશે

### રક્ષા મંત્રાલયે એચએએલને ૬૫,૦૦૦ કરોડનું ટેન્ડર આપ્યું

નવીદિલ્હી,તા.૧૨

સરકારે સંરક્ષણ બાબતોમાં આત્મનિર્ભરતા તરફ મોટું પગલું ભર્યું છે. રક્ષા મંત્રાલયે ભારતીય જાહેર ક્ષેત્રની કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને રૂ. ૬૫ હજાર કરોડનું ટેન્ડર બહાર પાડ્યું છે. આ અંતર્ગત એચએએલ પાસેથી ૯૭ ન્ઝછ માર્ક ૧છ ફાઈટર જેટ ખરીદવામાં આવશે. સ્વદેશી લશ્કરી હાર્ડવેર માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલો આ સૌથી મોટો ઓર્ડર હોઈ શકે છે.

સંરક્ષણ મંત્રાલયે ટેન્ડરનો જવાબ આપવા માટે એચએએલને ત્રણ મહિનાનો સમય આપ્યો છે. જો આ સોદો થાય છે, તો ભારતીય વાયુસેનાના મિગ-૨૧, મિગ-૨૩ અને મિગ-૨૭ જેવા ફાઈટર જેટ્સને ભારતીય બનાવટના એલસીએ માર્ક ૧એ ફાઈટર જેટ દ્વારા બદલવામાં આવશે, જે ટૂંક સમયમાં જ વાયુસેનામાંથી નિવૃત્ત થઈ જશે. સ્વદેશી હથિયારોને પ્રોત્સાહન આપવાની દિશામાં આ એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલું છે. તેનાથી સંરક્ષણ ક્ષેત્રની નાની અને મધ્યમ વર્ગની કંપનીઓના બિઝનેસને પણ ફાયદો થશે. વડાપ્રધાન મોદી સતત એચએએલને પ્રમોટ કરી રહ્યા છે અને તેથી એચએએલને તમામ પ્રકારના સ્વદેશી ફાઈટર જેટ્સ, હેલિકોપ્ટર અને એન્જિનના ઉત્પાદન માટે ડીલ મળી રહી છે.

વાયુસેનાએ પહેલાથી જ એચએલને ૮૩ એલસીએ માર્ક ૧એ ફાઈટર જેટનો ઓર્ડર આપી દીધો છે, જેના હેઠળ પ્રથમ ફાઈટર જેટ થોડા અઠવાડિયામાં એરફોર્સને આપવામાં આવશે.એલસીએ માર્ક ૧એ એ તેજસ એરક્રાફ્ટનું આધુનિક સંસ્કરણ છે. ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ સ્પેનમાં પહેલીવાર ૯૭ એલસીએ માર્ક ૧એ ફાઈટર જેટની ડીલ વિશે માહિતી આપી હતી.

## બીઆરએસ નેતા કે.કવિતાને ૧૫મી સુધી સીબીઆઈ કસ્ટડીમાં મોકલાયા

નવીદિલ્હી,તા.૧૨

દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં આરોપી અને બીઆરએસ નેતા. કવિતા આ દિવસોમાં જેલના સળિયા પાછળ છે. દરમિયાન, રાઉઝ એવન્યુ કોર્ટમાંથી કે. કવિતાને મોટો આઘાત લાગ્યો છે. ખરેખર રાઉસ એવન્યુ કોર્ટ કે. કવિતાને ફરી સીબીઆઈ રિમાન્ડ પર મોકલી દેવામાં આવી છે.

કોર્ટના આદેશ મુજબ. કવિતાને આગામી ૩ દિવસ એટલે કે ૧૫ એપ્રિલ સુધી CBI રિમાન્ડ પર મોકલવામાં આવી છે. સીબીઆઈ કે. કવિતાની કસ્ટડી ૫ દિવસની માંગવામાં આવી હતી પરંતુ કોર્ટે તેને માત્ર ૩ દિવસની કસ્ટડી આપી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ૩ દિવસના રિમાન્ડનો હુકમ કર્યો હતો.

દિલ્હી લિકર પોલિસી કેસમાં, સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશને તેલંગાણાના ભૂતપૂર્વ સીએમ કેસીઆરની પુત્રી અને બીઆરએસ નેતા કે. કવિતાની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી. કવિતા હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. શનિવારે સીબીઆઈએ કવિતની જેલમાં પૂછપરછ કરી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ૧૫ માર્ચે દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કવિતાની ધરપકડ કરી હતી.

## રામેશ્વરમ કેફે બ્લાસ્ટ કેસમાં બંને મુખ્ય આરોપીઓની ધરપકડ

### NIAને મોટી સફળતા : પોતાની ઓળખ છુપાવીને કોલકાતામાં છુપાયા હતા

બેંગલુરુ

બેંગલુરુના રામેશ્વરમ કેફે બ્લાસ્ટ કેસમાં તપાસ એજન્સી NIAને મોટી સફળતા મળી છે. NIAના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર બ્લાસ્ટ કેસના બે આરોપીઓની પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરવામાં આવી છે. મોડી સાંજ સુધીમાં તપાસ એજન્સી આ અંગે ખુલાસો કરી શકે છે. NIA એ આ બંને આરોપીઓ પર ૧૦-૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.

NIA એ આ કેસમાં ભાગેડુ અદબુલ માથિન તાહા અને મુસાવીર હુસૈન શાઝેબની કોલકાતા નજીકથી ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ NIA એ ગુપ્ત માહિતીના આધારે બંને આરોપીઓની ધરપકડ કરી હતી. મુસાવીર હુસૈન શાઝેબ એ વ્યક્તિ છે જેણે કાફેમાં IED લગાવ્યો હતો. અબ્દુલ માથિન તાહા પ્લાનિંગ, બ્લાસ્ટને અંજામ આપવા અને પછી કાયદાની ચુંગાલમાંથી છટકી જવા પાછળનો માસ્ટરમાઈન્ડ છે.

## દેશમાં આકરા હિટવેવની આગાહી

### વડા પ્રધાન મોદીએ સમીક્ષા બેઠક યોજી




નવી દિલ્હી:

એપ્રિલ મહિનો શરૂ થતાની સાથે જ દેશમાં આકરી ગરમી પડી રહી છે. દેશના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રી સે. ઉપાર નોંધાઈ રહ્યું છે. એવામાં હવામાન વિભાગ દ્વારા આવનારા દિવસોમાં હીટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે હીટવેવ સામે તૈયારીઓની સમીક્ષા કરવા બેઠક યોજી હતી.

વડા પ્રધાને કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે સરકારના તમામ અંગો સાથે સંકલન કરવા નિર્દેશ કર્યો હતો. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે આવશ્યક દવાઓ, પ્રવાહી, આઈસ પેક, ORS અને પીવાના પાણીની ઉપલબ્ધતાના સંદર્ભમાં આરોગ્ય ક્ષેત્રની તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં વડાપ્રધાનના અગ્ર સચિવ, ગૃહ સચિવ, ભારતીય હવામાન વિભાગ (IMD) અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. ભારતના હવામાન વિભાગે તાજેતરમાં કહ્યું હતું કે એપ્રિલથી જૂનના સમયગાળા દરમિયાન ભારતમાં કાળઝાળ ગરમી પડવાની સંભાવના છે. મધ્ય અને પશ્ચિમી દ્વીપકલ્પના ભાગોમાં તેની સૌથી વધુ અસર થવાની સંભાવના છે. વડા પ્રધાનએ બેઠકમાં ખાસ કરીને પ્રાદેશિક ભાષાઓમાં જાગરૂક માટેની માહિતીના પ્રસાર માટે ટેલિવિઝન, રેડિયો અને સોશિયલ મીડિયા જેવા તમામ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પર ભર મુક્યો હતો.

ભારત હવામાન વિભાગ (IMD) ના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય હવામાનશાસ્ત્રીઓએ હવામાનની આગાહીને વધુ સચોટ બનાવવા માટે AI અને 'મશીન લર્નિંગ'નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.

## માલદીવ હવે ઘૂંટણિયે : પ્રવાસીઓને આકર્ષવા ભારતમાં કરશે રોડ શો

### માલદીવ એસો. ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટુર ઓપરેટર્સે ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે ચર્ચા કરી

નવીદિલ્હી,

માલદીવમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. માલદીવ એસોસિયેશન ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટુર ઓપરેટર્સે અહીં ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી.

૬ જાન્યુઆરીએ વડાપ્રધાન મોદીએ તેમના ઠ હેન્ડલ પર ભારતના પશ્ચિમ કિનારે આવેલા પ્રાચીન લક્ષદ્વીપ ટાપુઓની તસવીરો અને વીડિયો પોસ્ટ કર્યા



હતા. જે બાદ માલદીવ તરફથી સોશિયલ મીડિયા પર ભારત અને વડાપ્રધાન મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. વિવાદ બાદ દેશની અનેક પ્રખ્યાત હસ્તીઓ સહિત કરોડો ભારતીયોએ પોતાનું રિઝર્વેશન કેન્સલ કરીને માલદીવ જવાનો પ્લાન રદ્દ કર્યો છે. પ્રવાસન ડેટા દર્શાવે છે કે, ટોચના પ્રવાસી દેશ હોવાના કારણે ભારતનું સ્થાન જાન્યુઆરીથી ઘટીને પાંચમા સ્થાને અને હવે છઠ્ઠા સ્થાને આવી ગયું છે.

માલદીવના પર્યટન મંત્રાલયના ડેટા અનુસાર આ વર્ષે ૧૦ એપ્રિલ સુધી, કુલ ૬,૬૩,૨૬૯ પ્રવાસીઓના આગમનમાંથી, ચીન ૭૧,૯૯૫ સાથે ટોચ પર છે, ત્યારબાદ યુનાઈટેડ કિંગડમ, રશિયા, ઈટાલી, જર્મની અને ભારત છે. મીડિયા અહેવાલો અનુસારભારતીય હાઈ કમિશનમાં આયોજિત મીટિંગમાં ચર્ચા કર્યા પછી MATATOએ એક નિવેદનમાં કહ્યું કે, તેઓએ પ્રવાસન પહેલને પ્રોત્સાહન આપવા માટે માલદીવમાં ભારતીય હાઈ કમિશન સાથે નજીકથી સહયોગ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.MATATOના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, મુખ્ય ભારતીય શહેરોમાં વ્યાપક રોડ શો શરૂ કરવા અને માલદીવમાં આગામી મહિનાઓમાં પ્રભાવશાળી અને મુસાફરીના અનુભવોની સુવિધા આપવા માટેની યોજનાઓ ચાલી રહી છે.

## ૩૭૦ની દીવાલ પાડી દીધી, કોઈ રાજનૈતિક પાર્ટીની હિંમત નહોતી : વડાપ્રધાન મોદી

### નરેન્દ્ર મોદીએ જમ્મુના ઉધમપુરમાં રેલીને સંબોધિત કરી

ઉધમપુર

લોકસભાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો ઝંઝાવાતી પ્રચારમાં લાગી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જમ્મુના ઉધમપુરમાં રેલીને સંબોધિત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉધમપુરમાં કહ્યું કે, આ ચૂંટણી માત્ર સાંસદોને ચૂંટવાની નથી. તેના બદલે દેશમાં મજબૂત સરકાર બનાવવાની છે. જ્યારે સરકાર મજબૂત હોય છે, ત્યારે તે જમીન પરના પડકારોને પહોંચી વળવા માટે કામ કરતી જોવા મળે છે. PM મોદીએ કહ્યું કે, દસ વર્ષ પહેલા સુધી જમ્મુ અને કાશ્મીરમાં કેટલા ગામો હતા? જ્યાં વહેતું પાણી અને રસ્તા નહોતા. આજે દરેક ગામમાં વીજળી પહોંચી ગઈ છે. આજે જમ્મુ અને કાશ્મીરમાં ૭૫ ટકાથી વધુ ઘરોમાં પાઈપ દ્વારા પાણીની સુવિધા મળી રહી છે. PM મોદીએ કહ્યું કે, ભાજપે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી. અન્ય કોઈ રાજકીય પક્ષમાં તેને હટાવવાની હિંમત નહોતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહ્યુ કે, અહીના જૂના લોકોને ૧૦ વર્ષ પહેલાંનું મારું ભાષણ યાદ હશે. મેં તમને કહ્યું કે મારા પર વિશ્વાસ રાખો. હું તમને ૬૦ વર્ષની સમસ્યાઓનો ઉકેલ બતાવીશ. ત્યારે મેં અહીં માતાઓ અને બહેનોના સન્માનની ખાતરી આપી હતી. ગરીબોને બે ટાઈમના ભોજનની ચિંતા નહીં કરવાની ખાતરી આપવામાં આવી હતી. આજે જમ્મુ-કાશ્મીરના લાખો પરિવારોને ૫ વર્ષ માટે મફત રાશનની ખાતરી આપવામાં આવે છે.

# લોકસભા ચૂંટણી:બગસરાના માવજીંજવા અને ધારીના વિવિધ વિસ્તારોમાં ચુનાવ પાઠશાળા યોજવામાં આવી

## સાવરકુંડલાના ઔદ્યોગિક વિસ્તારમાં "યુથ વોટર ફેસ્ટિવલ" યોજાયો,રાજુલાના ખારી અને બર્બટાણાના ગામના શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું

(અતુલ કારિયા) અમરેલી:

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે.બગસરા તાલુકાના માવજીંજવા ગામે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓને મતદાનના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી. મહિલાઓએ અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી.ધારી તાલુકાના ધારીના પ્રેમપરા અને હરિપરા વિસ્તારમાં ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજી મતદારોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અને અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા પૂરી પાડી જાગૃત્ત કરવા સમજ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. નાગરિકોએ અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી.રાજુલા તાલુકાના ખારી અને બર્બટાણા સહિતના ગામ ખાતે શ્રમિક વર્ગ સાથે સંવાદ સાધી તેમને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત "મતદાર જાગૃતિ અભિયાન" કાર્યક્રમ અંતર્ગત શ્રમિકોને મતદાનના મહત્વ વિશે સમજ આપી મતદાનના મૂલ્ય વિશે વિગતો સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. દરેક શ્રમિક અન્ય પાંચ નાગરિકને મતદાન કરવા માટે પ્રેરિત કરશે જેથી વધુમાં વધુ મતદાન માટે જાગૃતિમાં સહભાગી થઈ શકશે. સાવરકુંડલા ખાતે સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં ઔદ્યોગિક વિસ્તારમાં "યુથ વોટર ફેસ્ટિવલ" કાર્યક્રમ યોજાયો હતો. યુવા મતદારો કે જેઓ પ્રથમ વાર મતદાન કરવાના છે તેઓ પોતે મતદાન કરશે અને તેમના પરિવારજનોને પણ મતદાન કરવા સમજૂત કરે તે માટે તેમને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક નાગરિકના એક મતનું શું મહત્વ છે તે વિશે તેમણે સમજ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સિગ્નેચર અભિયાન પણ યોજાયું હતું. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી - કર્મચારીશ્રીઓ અને શ્રમિકો સહિતના જોડાયા હતા.

# જૈન સંઘના ઈતિહાસમાં ૬૩૦ વર્ષ પછી સહસ્ત્રાવધાનનો વિશિષ્ટ કાર્યક્રમ

અમરેલી:જૈન સંઘના ઈતિહાસમાં ૬૩૦ વર્ષ પછી સહસ્રાવધાનનો એક વિશિષ્ટ કાર્યક્રમ ૧-૫-૨૦૨૪, બુધવારના જાહેર રજાના દિવસે એન.એસ.સી.યુ.આઈ વર્લી ખાતે સવારે નવ કલાકે સેંકડો મહાત્માઓની નિશ્રામાં અને હજારો ભાઈ-બહેનોની હાજરીમાં આ એક અવિસ્મરણીય, અલૌકિક અને અનુપમ કાર્યક્રમ યોજાશે જેના પર સમગ્ર વિશ્વના બૌદ્ધિકો, ચિંતકો અને ન્યુરોલોજિસ્ટો મીટ માંડીને બેઠા છે.૬૩૦ વર્ષ પછી જૈન સંઘના ઈતિહાસમાં રચાશે નવો સુવર્ણ ઈતિહાસ.જૈન મુનિ અજિતચંદ્રસાગરજી મહારાજ સાહેબ દ્વારા સહસ્રાવધાન

જૈન સંઘના ઈતિહાસમાં ૬૩૦ વર્ષ પછી સહસ્રાવધાનનો એક વિશિષ્ટ કાર્યક્રમ ૧-૫-૨૦૨૪, બુધવારના જાહેર રજાના દિવસે એન.એસ.સી.યુ.આઈ વર્લી ખાતે સવારે ૯.૦૦ કલાકે સેંકડો મહાત્માઓની નિશ્રામાં અને હજારો ભાઈ-બહેનોની હાજરીમાં આ એક અવિસ્મરણીય, અલૌકિક અને અનુપમ કાર્યક્રમ યોજાશે જેના પર સમગ્ર વિશ્વના બૌદ્ધિકો, ચિંતકો અને ન્યુરોલોજિસ્ટો મીટ માંડીને બેઠા છે.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી નયનચંદ્રસાગરજી મહારાજાના ગણિવર્ય શ્રી અજિતચંદ્રસાગરજી મહારાજા દ્વારા સહસ્રાવધાનનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમ સંતિકરં સ્તોત્રના રચયિતા ગણિ મુનિસુંદરજી મહારાજા દ્વારા રાજાના દરબારમાં ૧,૦૦૦ અવધાનનો કાર્યક્રમ ૬૩૦ વર્ષ પહેલા યોજાયો હતો ત્યારબાદ હજુ સુધી કોઈએ આવો કાર્યક્રમ કર્યો નથી.

શતાવધાનમાં ૧૦૦ વસ્તુ, ચિત્રો, ઈતિહાસના પાત્રો એમ અલગ અલગ વિષયના અલગ અલગ શ્રોતાઓ દ્વારા કહેવામાં આવે છે જ્યારે સહસ્રાવધાનમાં એક સાથે ૧,૦૦૦ વસ્તુઓ શ્રોતા દ્વારા કહેવામાં આવે છે. અને એ બધાં જ પૂજ્ય મહાત્મા એક પણ નોટ, પેન, લેપટોપ કે કોમ્પ્યુટરની મદદ વગર ક્રમબદ્ધ એક સાથે લાઈનમાં તેમ જ આડાઅવળા ગમે તે નંબરની વસ્તુ, ચિત્રો કે પાત્રો જૈન મુનિ સડસડાટ કહી આપે છે.

અગાઉ આ જ મહાત્મા દ્વારા અમદાવાદમાં શતાવધાન ષન્મુખાનંદ હોલ - મુંબઈમાં દ્વિશતાવધાન તેમ જ ૫૦૦ અવધાનના કાર્યક્રમ આ જ મેદાનમાં યોજાઈ ચૂક્યા છે. સામાન્ય વ્યક્તિ પોતાની મગજની શક્તિનો વધુમાં વધુ ૫થી ૭ ટકા ઉપયોગમાં લઈ શક્યા છે. પણ જો કોઈ વ્યક્તિ ૭થી ૮ ટકાથી પણ વધારે બ્રેઈન પાવરનો ઉપયોગ કરે તો તે સુપરહ્યુમન બીઈંગ તરીકે બહાર આવે છે. કોઈ એક વ્યક્તિ પાંચ કે ૧૦ વસ્તુઓ એકસાથે કદાચ યાદ રાખી શકે છે પરંતુ એકસાથે ૧,૦૦૦ વસ્તુઓને ક્રમબદ્ધ રીતે અને તેને ફરીવાર રજૂ કરવી તે વિશ્વના બૌદ્ધિકો અને પ્રબુદ્ધ લોકો માટે આશ્ચર્યકારી ઘટના છે.

જૈન મુનિ અજિતચંદ્રસાગરજી મહારાજને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મળી ચૂક્યું છે અને વિશ્વની વિખ્યાત યુનિવર્સિટી દ્વારા તેઓને ડોક્ટરેટની પદવી આપવામાં આવી છે.

આ પ્રસંગને નિહાળવા અનેક યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજો અને આઈ.એ.એસ, આઈપીએસ અને આઈએસના અધિકારીઓ તેમ જ અનેક બજારોના મુખ્ય પદાધિકારીઓ તેમ જ મોટીવેશનલ સ્પીકરો, પ્રોફેસરો, કોચિંગ ક્લાસના લેક્ચરરો જેવા અનેક વિદ્વાનો અને ખ્યાતનામ પત્રકારો આ કાર્યક્રમને નિહાળવા હાજરી આપવાના છે તેના પાસ ઓનલાઈન મળે છે. જેનું રજિસ્ટ્રેશન ખુલતા હજારો લોકોએ પોતાનું નામ નોંધાવી દીધું છે.

સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેનના માધ્યમે આ આચાર્ય ભગવંતીશ્રીએ તેમ જ ગુરુભગવંતે અત્યાર સુધીમાં ૫૦,૦૦૦થી વધુ બાળકોને સરસ્વતી માતાની સાધના કરાવેલી છે અને મનમાં શક્તિ છે પરંતુ આત્માની લબ્ધિને બાળકોમાં પણ પ્રગટ કરાવવાનો તેઓએ ભગીરથ પ્રયાસ કર્યો છે.

આ બાબતમાં વિશેષ જાણકારી અને પાસ માટેની ઈન્ક્વાયરી મો. નં. ૬૨૬૨૬૭૬૭૫૦ સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશનના નંબર પર મળી શકશે.

# સોમનાથના ટ્રસ્ટી પ્રો. જે ડી પરમારના ૮૩'માં જન્મદિવસની ઉજવણી



કૈલેશ ભટ્ટ ઉના:

શ્રી સોમનાથ મંદિર ખાતે ટ્રસ્ટના માન. ટ્રસ્ટી શ્રી પરમાર સાહેબના ૮૩' માં જન્મદિને સોમનાથ મહાદેવને મહાપૂજન કરવામાં આવેલ. સાથે આયુષ્ય મંત્રજાપ કરવામાં આવેલ હતા. આજરોજ સાંજે ભગવાન સોમનાથ મહાદેવ ને સાયં વિશેષ શૃંગાર સાથે દિપમાલા કરવામાં આવનાર છે. માન.ટ્રસ્ટી શ્રી પરમાર સાહેબના નિરામય-દિર્ઘાયુષ્ય માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા શ્રી સોમનાથ મહાદેવને પ્રાર્થના કરવામાં આવેલ હતી.

# વિકાસ વર્તુળ દ્વારા યોજાયેલી ૪૪મી જીકે આઈક્યુ કસોટી

અમરેલી:અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં સર્વોદય સરસ્વતી મંદિર ,બાબાપુર સંચાલિત શ્રી જનતા વિદ્યાલય, તાતણિયામાં સંસ્થાના ૭૫ વર્ષ પૂર્ણ થયા હોઈ ઉજવાઇ રહેલ અમૃત મહોત્સવના અનુસંધાને થઇ રહેલ વિવિધ પ્રવૃત્તિઓમાં એક વિકાસ વર્તુળ દ્વારા યોજાતી જીકે આઇક્યુ કસોટીની પ્રવૃત્તિ પણ છે.

તારીખ ૨૨-૦૯-૨૦૨૩ને રવિવારના રોજ શાળાના ૨૨ વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં જ જીકે આઇક્યુ કસોટીની પ્રિલિમ પરીક્ષા લેવામાં આવી જેમાં નોંધપાત્ર બાબત એ હતી કે તેમાં બધાં જ વિધાર્થીઓ ઉતીર્ણ થયેલાં. જેમાં સોલંકી વૈભવ હસમુખભાઈએ ૯૪ માર્ક્સ પુંભડિયા શ્રેયાબેન શૈલેષભાઈએ ૯૨.૫૦ માર્ક્સ અને ગોહિલ કાજલબેન રામભાઈએ ૮૩ માર્કસ સાથે મેઈન પરીક્ષામાં પ્રવેશ મેળવેલ. તારીખ ૨૪-૧૨-૨૦૨૩ને રવિવારના રોજ ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ અમરેલી ખાતે આ ત્રણ વિદ્યાર્થીઓએ મેઈન પરીક્ષામાં હાજરી આપેલી. જેમાં સમગ્ર ગુજરાતમાં ધોરણ ૧૧ તેમજ ૧૨માંથી કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવેલ. આ કસોટીમાં જનતા વિદ્યાલય ,તાતણિયાના વિદ્યાર્થી સોલંકી વૈભવ હસમુખભાઈ ૯૦ ટકા માર્કસ મેળવી અને શિષ્યવૃતિના હકદાર બનેલ. તેમની આ સિદ્ધિ બદલ ટ્રસ્ટ પરિવાર, શાળા પરિવાર અને ગ્રામજનો તરફથી તેમના પર અભિનંદનની વર્ષા થયેલ. આવી સુંદર પ્રવૃત્તિ કરવા બદલ ટ્રસ્ટ પરિવાર અને ગ્રામજનોએ શાળાને પણ ખૂબ બિરદાવેલ.

# સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાની નોંધનીય સામાજિક સેવા

સાવરકુંડલા:સાવરકુંડલાના રેલવે સ્ટેશન રોડ, વિંઝુડાવાસમાં રહેતા મેઘવાળ વણકર સમાજના બાબુભાઈ જીવાભાઇ વિંઝુડા ઘણા સમયથી કેન્સરના અસાધ્ય રોગથી પીડિત હોય અને તબિયત વધુ બગડતા અમદાવાદ સિવિલ ખાતે સારવાર માટે ગયેલ પણ અમુક કારણોસર એમને એડમિટ કરવામાં આવેલ ના હતા અને એક મહિના ઉપરાંતથી સિવિલ હોસ્પિટલ સ્થિત બાપા સીતારામનો ઓટો એવી જગ્યા પર આશરો લીધેલ હતો, પતિ પત્ની બંને બહુ તકલીફથી દિવસો પસાર કરતા હતા કે આજે દાખલ કરશે કાલે દાખલ કરશે એમ કરતાં કરતાં બાબુભાઈની તબિયત અચાનક ખૂબ ખરાબ થઈ ગઈ. આવા સમયે સાવરકુંડલા સામાજિક કાર્યકર અને અનુજાતિ મોરચાના મહામંત્રી લલીતભાઈ મારૂને મદદ માટે ફોન દ્વારા જાણ કરતા તેઓએ આ બાબતની ગંભીરતા લઈ અને એ જ ક્ષણે સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરી સારવાર મળે તે માટેની જાણ કરતા ધારાસભ્યશ્રી મહેશભાઈએ દર્દીની વિગત મંગાવી અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોનો સંપર્ક કરી બાબુભાઈ વિંઝુડાને તાત્કાલિક ધોરણે એડમિટ કરી યોગ્ય સારવાર આપવાનું ચાલુ કરાવેલ, તદુપરાંત દર્દી દ્વારા લલીતભાઈને જણાવ્યું કે કેન્સર સહાયની રકમ છેલ્લા દસ મહિનાથી મળેલ ના હોય તે બાબતની અરજ કરતા તે સહાયની રકમ પણ તેમના ખાતામાં ડિપાર્ટમેન્ટને જાણ કરી ટ્રાન્સફર કરાવવામાં આવી હતી, આવી રીતે એક ગરીબ માણસની મદદ કરી ધારાસભ્યએ આશીર્વાદરૂપ કામ કરેલ છે, એટલે જ કહેવામાં આવે છે નામના નહીં પણ ખરેખર કામના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને ભાજપના કર્મનિષ્ઠ કાર્યકર્તાઓ છે.

# ગાય આધારિત એટલે કે પ્રાકૃતિક ખેતી કરવાથી વરસાદી પાણી જમીનમાં ખૂબ જ ઊંડે સુધી ઉતરે છે

ગાય આધારિત એટલે કે પશુ આધારિત પ્રાકૃતિક ખેતી કરવાથી વરસાદી પાણી જમીનમાં ખૂબ જ ઊંડે સુધી ઉતરે છે અને દરેક જીવોનાં આરોગ્યને ખૂબ ફાયદો થાય છે. એક જમાનો હતો કે લોકોની ભૂખની જરૂરિયાત સંતોષવા માટે કે જમવા માટે શરીર નિરોગી હતા ત્યારે લોકોને જમવા મુશ્કેલીથી મળતું હતું આજે દિવસે આધુનિક સંશોધન થયું તેમાં આપણે ખરેખર આપણા પોતાના શરીર અને સૃષ્ટિ પરના સર્વે જીવોનું વિચાર્યા વિના બસ આધુનિકતા તરફ આગળ જ વધતા રહ્યા છીએ. આજે માણસની ખરીદ ક્ષમતા ઘણી બધી વધી ગઈ છે પણ ઝેરી દવા અને કેમિકલ ખેતીમાં ઉપયોગ થવાથી સૌથી પહેલા તો ધરતી નિર્ગુણી એટલે કે વાંઝણી બની ગઈ હોય તેવી હાલત બની ગઈ છે, કારણ કે જે જમીનની ફળદ્રુપતા હોવી જોઈએ તેના બદલે આજે એક થી દોઢ ઇંચ વરસાદ પડે તો પણ ખેતરમાંથી ઝાઝા ભાગનું પાણી બહાર નીકળી જતું હોય છે જ્યારે પ્રાકૃતિક ખેતી કરવામાં આવે એટલે કે પશુ આધારિત ખેતી કરવાથી જમીનની અંદર પોષણ તત્વો જળવાઈ રહે છે. અનેક જીવો જમીનની અંદર હોય તે ખેતીને પોચી રૂ જેવી રાખે છે તેનાથી વરસાદ પાંચથી સાત ઇંચ પડે તો પણ બધું પાણી જમીનમાં ઉતરી જાય છે તેનાથી જમીનના તળમાં પાણીનું ભેજ જળવાઈ રહે છે અને ઊંડે સુધી પાણી જમીનમાં સંગ્રહ થાય છે વરસાદી મીઠા પાણીથી ખેતીના ઉત્પાદનો દવા અને ખાતર વિના ઝેર મુક્ત બને છે. સૌથી ઉત્તમ જો કામ હોય તો સૌથી પહેલા વરસાદી પાણીની સંગ્રહ શક્તિ વધે તે છે અને ખેત ઉત્પાદનમાં ઝેર ન હોવાથી સૃષ્ટિ પરના સર્વે જીવો નીરોગી રહે છે.આજે લોકો પાસે ખાવા માટે રૂપિયા છે પણ ખાવા લાયક વસ્તુ નથી મળતી અને જ્યારે ખાવા લાયક વસ્તુ મળે ત્યારે માનવ શરીર ખાવા લાયક નથી રહેતું. આ જ સોલ્યુશન માટે રાજકોટમાં તારીખ ૧૨, ૧૩ અને ૧૪ શુક્ર, શનિ અને રવિવારના રોજ કાલાવડ રોડ આત્મીય કોલેજ ખાતે 'ઓર્ગેનિક ખેડૂત હાટ'નું આયોજન થયેલું છે તેમાં શહેરમાં વસતા લોકોએ ફેમિલી ડોક્ટર નહીં પણ ફેમિલી ખેડૂત રાખવા માટેનો સરસ એક રસ્તો છે જેનાથી આપણા પરિવારને સંપૂર્ણ નિરોગી રાખવા માટે દરેક પ્રકારના અનાજ, કઠોળ, શાકભાજી, ફ્રુટ તેમજ અન્ય ખેત ઉત્પાદનો મળી રહે તેવી સુંદર વ્યવસ્થા કરેલ છે તો વધુમાં વધુ લોકો આ ઉત્પાદન ખરીદી કરી પોતાનો પરિવાર નિરોગી રાખે એ સાથે સૃષ્ટિ પરના સર્વે જીવોની રક્ષા થાય. ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થાય અને પ્રાકૃતિક ખેતી તરફ વળે તો વરસાદનું શુદ્ધ પાણી વધુમાં વધુ જમીનમાં ઉતરે અને સંપૂર્ણ પ્રકૃતિની રક્ષા થાય .

# કૂદકે ને ભૂસકે વધી રહેલી મોંઘવારીના મારથી પ્રજા ત્રાહીમામ

સાવરકુંડલા:

કૂદકે ને ભૂસકે વધી રહેલી મોંઘવારીના માઠા સમાચારથી પ્રજા સતત ત્રાહીમામ છે. જાણે કે મોંઘવારીના ભાવ વધારાના સમાચારો હવે રોજીંદો ક્રમ થઇ ગયો છે. સમગ્ર આમ જનતાને લાગુ પડે એવા અનાજના ભાવોમાં પણ વધારો જોવા મળે છે. એજ રીતે , હળદળ, ધાણા, જીરૂના ભાવ પણ વધેલાં જોવા મળે છે. છેલ્લે કોરોનાકાળથી આજ સુધી મોટાભાગની દવાઓમાં પણ વધારો જોવા મળે છે. આ ઉપરાંત અનાજમાં ભાવ વધારાથી ઘરમાં મધ્યમવર્ગ બારમાસનું અનાજ મસાલા ભરતા તે વાતનો લગભગ અંત આવી ગયો છે. જો કે બારે માસનું અનાજ ભરતા પરિવારોની સંખ્યા વેપારીઓના કહેવા મુજબ છેલ્લા ચાર-પાંચ વર્ષથી સતત વધતી મોંઘવારીથી ઘણી ઓછી થઇ છે. પ્રજાને સીધી નજરે અસર ન કરવા છતા પ્રજાની કેડ પર જ પડતા વેરામાં ટોલ ટેકસના વધારાથી ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થતા શાકભાજી, ફ્રુટ, અનાજ સમેતની વસ્તુ મોંઘી થાય તેમજ સતત પેટ્રોલ-ડીઝલ, સીએનજી ઉપરના વધારાએ પ્રજાને મોંઘવારીના મરણતોલ ફટકા લાગતા આવ્યા છે. સરકારશ્રી જીએસટી સમતે કોઈપણ ટેકસમાં કોઈને કોઈ વસ્તુએ ઉમેરતા જાય છે. તેનો ભોગ અંતે તો ઉપભોગતા જ બને છે. કારણ કે વેપારીઓ કે ઉદ્યોગપતિઓ આ ભાવ વધારાનાં નાણાં અંતે તો અંતિમ ઉપભોક્તા પાસેથી જ વસુલતા હોય છે અને એ ખુબજ સ્વાભાવિક પ્રક્રિયા છે. આવા અનેક વધારા પ્રજાને પીડી રહયા છે. જયારે ખાદ્યચીજો કે અન્ય જણસોમાં ભાવ વધારો આવે ત્યારે ગૃહિણીનું બજેટ ખોરવાય એવા અહેવાલો આવતા હોય છે. સારા ઘરના ગૃહિણીઓ કે કુમળી વયના દિકરા-દીકરીઓ ઘરકામ કરવા કે અન્ય નોકરી કરવા મજબુર જોવા મળે છે . ભણેલ ગણેલ યુવક યુવતીઓ હવે મજબુરીથી માસીક ૮ હજારથી ૧૨ હજારની નોકરી કરવા મજબૂર છે. સીધી કે આડકતરી આવકો ધરાવતા સરકારી નોકરીયાતો અને સંપન્ન વેપારી લોકો સિવાયના સામાન્યજન ત્રાહીમામ છે.છતાં સરકારોના જય જયકાર થઇ રહયા છે.!!! અહીં દુધ, ઘી, છાશ, ખાદ્યતેલ, પેટ્રોલ, અનાજ, દવાની મોંઘવારીનો ઉલ્લેખ થતો હોય છે. પરંતુ ઘર વપરાશની કોઈપણ ચીજો લાઇટબીલો, સ્કૂલ કોલેજ ફી ન્હાવા, ધોવાના સાબુઓ, વોશીંગ પાવડરો, તમામ કોસ્મેટીક અને આવી બાબતોમાં પણ ભાવ વધારાનો ભસ્માસૂર પહોંચી જતો હોય છે. મોંઘવારીના હુમલાઓ પ્રજા પર ચારે તરફથી આક્રમણ કરતાં રહે છે. પછી તે દુધ, અનાજ, સ્કુલ કોલેજ ફી વધારો, વાહનો ખરીદીમાં વધારો, બસ કે રેલ્વે ભાડામાં વધારો, તબીબી સરવારમાં વધારો, ટોલટેકસ, પેટ્રોલના ભાવ વધારાની અસરનો સીધો કે આડકતરો વધારો કોર્પોરેશન કે પંચાયતો અને સ્ટેટ અને કેન્દ્ર દ્વારા કોઈને કોઈ ટેકસનો વધારો આવતો જ રહે છે. જે કોઈ વસ્તુ ઉપર ભાવ વધે તે ઉપભોક્તા માટે તો આર્થિક બોજ સમાન જ હોય છે. મનોરંજનમાં ભાવ વધારો ફિલ્મો, ડીસ, મોબાઇલ રીચાર્જીંગમાં વધારાનો માર ઉપલો માધ્યમ વર્ગ, મધ્યમ વર્ગ સહન કરી રહયા છે. આવા પીડિત વર્ગની નજીક રહેતા લોકો આ વેદનાને મહેસુસ કરતા હોય છે. બાકી એક સુખી સંપન્ન અને આવકો ધરાવતા વર્ગને મોંઘવારીની વેદના કે આક્રોશની સાથે મહદઅંશે કંઇ લેવા દેવા નથી. આ જે મોંઘવારી, તોતિંગ કરવેરા સમાન્ય પ્રક્રિયા નથી. રાજકારણના બેફામ ખર્ચાઓ મોજમજા લુંટતા અને મોજ મજા લુંટાવતા અમુક જાડી ચામડીના ધરાર નેતાઓને પ્રજાની આ વેદના નજરેચડતી નહીં હોય? લોકેની પણ સરકાર સામે અવાજ ઉઠાવવાની ક્ષમતા પણ હવે લગભગ ખતમ થઈ ગઈ હોય તેવું લાગે છે . તો વળી વધુમાં

વિરોધ પક્ષો પણ હવે વધતી જતી મોંઘવારી સંદર્ભે પાણીદાર વિરોધ ક્યાં કરી રહ્યા છે? વિકાસનો અર્થ અસહ્ય મોંઘવારી જ હોય તો એ વિકાસ આમજનતા માટે કેટલો ઉપકારક એ તો રામ જાણે..!

# ધ્રાંગધ્રાના ઝાલા રોડ પાસેથી અજાણ્યો શખ્સ ૩ લાખ ભરેલી થેલી લઈ ફરાર

ધ્રાંગધ્રા:



ધ્રાંગધ્રા એસબીઆઇ બેક્રમાંથી ૩ લાખ રૂપિયા ઉપાડીને ઝાલા રોડ પર મોટરસાઈકલ રિપેર કરાવવા જતા શખસ રૂપિયા ભરેલી થેલી બાજુના ઓટલા પર મૂકતા અજાણ્યો શખસ ૩ લાખ રૂપિયા ભરેલી થેલી નજર ચૂકવીને ફરાર થઈ ગયો હતો. જેમાં સીસીટીવી ફૂટેજના આધારે સીટી પોલીસમાં અજાણ્યો ઈસમ સામે ફરિયાદ નોંધાઈહતી.ધ્રાંગધ્રા તાલુકાના ચુલી ગામે રહેતા દેવજીભાઈ ગલાભાઈ ધોળકિયા ધ્રાંગધ્રા શાકમાર્કેટ પાસે આવેલી એસબીઆઇ બેક્રમાંથી ૩ લાખ રૂપિયા ઉપાડીને કાપડની થેલીમાં નાંખીને નીકળ્યા હતા. તે દરમિયાન કોઈ શખસ દ્વારા આધેડનો પીછો કરવામાં આવ્યો હતો. જેમાં ઝાલા રોડ પર આવેલી મહેતા ટ્રેડિંગ સામે કનૈયા ઓટો ગેરેજ મોટરસાઈકલ રિપેર કરવા જતા ૩ લાખ રૂપિયા ભરેલી કાપડની થેલી સાઈડમાં ઓટલા પર રખાતા એક અજાણ્યોશખસ દ્વારા નજર ચૂકવીને થેલી લઈને ભાગી ગયો હતો. જેમાં આસપાસ તપાસ કરતા થેલી ન મળતા ઝાલા રોડ પર આવેલી દુકાનોના સીસીટીવી ચેક કરાયા હતા. જેમાં કોઈ શખસ ૩ લાખ રૂપિયા ભરેલી થેલી લઈને ભાગતો જોવા મળ્યો હતો.આથી ધ્રાંગધ્રા સીટી પોલીસમાં અજાણ્યા શખસ સામે દેવજીભાઈ ધોળકીયા દ્વારા ફરિયાદ નોંધાવતા સીસીટીવી ફૂટેજના આધારે ધ્રાંગધ્રા સીટી પોલીસ તપાસ હાથ ધરી છે.

# લીંબડી તરફ જતી લોકલ એસટી બસો જોરાવરનગર થઈને ચલાવો

સુરેન્દ્રનગર:

સુરેન્દ્રનગરથી લીંબડી તરફ જતી લોકલ એસટી બસનોને પહેલા જોરાવરનગર થઈને ચલાવવામાં આવતી હતી. પરંતુ વર્તમાન સમયે મોટાભાગની બસો બસ સ્ટેશનથી સીધી જ લીંબડી તરફ જતી રહે છે. આથી જોરાવરનગર અને રતનપરના લોકોને લીંબડી તફર જવા માટે છેક સુરેન્દ્રનગર બસ સ્ટેશન સુધી જવુ પડે છે. જોરાવરનગર અને રતનપરમાં અંદાજે ૫૦ હજારથી વધુ વસતી છે. તે પૈકી ઘણા બધા લોકો લીંબડી રોડ ઉપર આવેલા ગામડા અને અન્ય શહેરની સાથે જોડાયેલા છે. અને આથી જ દરરોજ જોરાવરનગર અને રતનપરમાંથી અનેક લોકો લીંબડી તરફ મુસાફરી કરતા હોય છે. પહેલા લોકલ એસટી બસો વાયા જોરાવરનગર થઈને ચાલતી હતી પરંતુ વર્તમાન સમયે મોટા ભાગની લોકલ બસો સુરેન્દ્રનગર એસટી ડેપોથી વઢવાણ થઈને ચાલે છે. આથી ખાસ કરીને લીંબડી તરફ જવા માટે મુસાફરોને જોરાવરનગર અને રતનપરથી છેક એસટી બસસ્ટેશન સુધીનો ધક્કો ખાવો પડે છે.

# ઉમેદવારી પત્રો ૧૯ એપ્રિલ સુધી ભરી શકાશે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તા. ૨૨ એપ્રિલ

અમરેલી: લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ભારતનાં ચૂંટણી પંચ તરફથી ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૧૪-અમરેલી સંસદીય મતદાર વિભાગની ચૂંટણીની તારીખો તથા ઉમેદવારી પત્ર મેળવવા અને રજૂ કરવાના અંગેના સ્થળોની વિગતો અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવી છે. ચૂંટણી પંચનું જાહેરનામુ તથા ચૂંટણી નોટીસ બહાર પાડવાની તા.૧૨ એપ્રિલ, ૨૦૨૪છે.

ઉમેદવારી પત્રો તા.૧૨ એપ્રિલ, ૨૦૨૪ થી રજૂ કરી શકાય છે અને તે રજૂ કરવાની છેલ્લી તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ (જાહેર રજાના દિવસો સિવાય) (સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ દરમિયાન) છે. જે

૧૪-અમરેલી સંસદીય મતદાર વિભાગ અને કલેકટર કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, રાજમહેલ કંપાઉન્ડ, અમરેલી પિન ૩૬૫૬૦૧ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી, પ્રાંત કચેરી અમરેલી ખાતે ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે.

ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૨૦ એપ્રિલ, ૨૦૨૪ (સવારે ૧૧.૦૦ કલાકે) ૧૪-અમરેલી સંસદીય મતદાર વિભાગ અને કલેકટર કચેરી ખાતે છે.ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તા.૨૨ એપ્રિલ, ૨૦૨૪ (બપોરના ૩.૦૦ કલાક સુધીમાં) છે, જે ૧૪-અમરેલી સંસદીય મતદાર વિભાગ અને કલેકટર કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, રાજમહેલ કંપાઉન્ડ, અમરેલી પિન ૩૬૫૬૦૧ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી, પ્રાંત કચેરી અમરેલી ખાતેઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. મતદાન તા.૭ મે, ૨૦૨૪ના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી રહેશે, તેમ અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# જૈન આચાર્ય લોકેશજી અમેરિકન પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનિત

અમરેલી:'અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર'ના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીને વોશિંગ્ટનમાં કેપિટોલ હિલ પર અમેરિકન રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનના ભાગરૂપે, તેમને રાષ્ટ્રપતિ પુરસ્કાર, ગોલ્ડન શિલ્ડ, સન્માનનું પ્રમાણપત્ર અને રાષ્ટ્રપતિ બિડેનની હસ્તાક્ષર ધરાવતા પ્રશસ્તિપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રમાણપત્ર અને પ્રશસ્તિપત્ર વરિષ્ઠ કોંગ્રેસમેન બ્રેડ શેરમેને વાંચ્યું હતું. અમેરિકન રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત થનાર તેઓ પ્રથમ ભારતીય સાધુ છે.



અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને જૈન આચાર્ય લોકેશજીના માનવતાવાદી કાર્યની પ્રશંસા કરતાં તેમના હસ્તાક્ષરિત પ્રશસ્તિપત્રમાં જણાવ્યું હતું કે, "જાહેર કલ્યાણ માટેના તમારા યોગદાન માટે હું તમને અભિનંદન આપું છું અને આ મહાન રાષ્ટ્ર અને માનવતાની સેવા માટે તમને અભિનંદન આપું છું. હું આપનું સન્માન કરતા ગૌરવ અનુભવું છું. આચાર્ય લોકેશજીના વૈશ્વિક શાંતિ પ્રયાસોની પ્રશંસા કરતાં પ્રમુખ બિડેને લખ્યું, "તમારો સમય આપીને, અમે જે પડકારોનો સામનો કરીએ છીએ તેના ઉકેલો શોધવામાં મદદ કરી રહ્યાં છો. ઉકેલોની અમને પહેલા કરતાં વધુ જરૂર છે. અમે એવી ક્ષણમાં જીવીએ છીએ જેને આશા, પ્રકાશ અને પ્રેમની જરૂર છે. તમે તમારી સેવા દ્વારા ત્રણેય પ્રદાન કરી રહ્યાં છો." રાષ્ટ્રપતિએ આગળ લખ્યું કે "અમેરિકન લોકો વતી, હું તમારા સ્વયંસેવક નેતૃત્વ માટે તમારી ઊંડી પ્રશંસા કરું છું અને અમેરિકન લોકોને વિશ્વાસ છે કે તમે ભવિષ્યમાં પણ આ જ રીતે માનવતાની સેવા કરવાનું ચાલુ રાખશો."

આચાર્ય લોકેશજીએ એવોર્ડ મેળવ્યા બાદ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, "અમેરિકન પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનિત થવું ગર્વની વાત છે, પરંતુ તેનાથી વધુ જવાબદારી વધી છે. તેમણે કહ્યું કે આ સન્માન ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો, ભગવાન મહાવીરના જૈન સિદ્ધાંતોનું સન્માન છે. આ મૂલ્યોના આધારે હું છેલ્લા ૪૦ વર્ષથી માનવજાતના કલ્યાણ માટે સમર્પિત છું. ભવિષ્યમાં પણ દરેકની અપેક્ષાઓ પૂર્ણ કરવાના પ્રયાસો કરીશ.આચાર્ય લોકેશજીએ રાષ્ટ્રપતિ બિડેનનો આભાર વ્યક્ત કર્યો અને આશા વ્યક્ત કરી કે ભારત અને અમેરિકા માનવજાતના ઉત્થાન માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

# વિધાનસભા-૬૯ના મધ્યસ્થ કાર્યાલયનું પરશોતભાઈ રૂપાલાના વરદ હસ્તે ભવ્ય ઉદઘાટન સંપન્ન

## વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ અને શહેરીજનોની ઉપસ્થિતિમાં અમૃતસાગર પાર્ટી પ્લોટ ખાતે જંગી જાહેરસભા યોજાઈ

## પરશોતભાઈ રૂપાલાને ઐતિહાસિક લીડથી જીતાડવા કાર્યકર્તાઓને પરીશ્રમની પરાકાષ્ઠા સર્જવા હાકલ કરતા મુકેશ દોશી




રાજકોટ

રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભાની ચૂંટણીમાં રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને પાંચ લાખથી વધુ લીડથી વિજેતા બને તે માટે વિધાનસભા મત વિસ્તારમાં સધન ચૂંટણીલક્ષી કામગીરી કરવાના ભાગરૂપે વિધાનસભા—૬૯નું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ૧૫૦ ફુટ રોડ, રૈયા ટેલીફોન એકસચેન્જ સામે કાર્યરત કરાયેલ છે. આ કાર્યાલય ઉદઘાટન સમારોહ ૧૫૦ ફુટ રોડ રીંગ રોડ સ્થિત અૃમતસાગર પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો પ્રારંભ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટય ધ્વારા કરવામાં આવ્યો હતો. આ તકે કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ લોકસભા બેઠકના કલસ્ટર પ્રભારી આર.સી. ફળદુ, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા,મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રભારી પ્રકાશભાઈ સોની, વિધાનસભા—૬૯ના પ્રભારી અમીબેન પરીખ, રાજકોટ લોકસભા બેઠકના સંયોજક સુરેશભાઈ ગોધાણી, સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરી, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, પુર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ સાંસદ વલ્લભભાઈ કથીરીયા, રમાબેન માવાણી, પૂર્વ મંત્રી ઉમેશભાઈ રાજયગુરૂ, પૂર્વપ્રમુખ જીતુભાઈ શાહ, કશ્યપ શુકલ, જયમીન ઠાકર, મનીષ રાડીયા તેમજ ચેતનભાઈ રામાણી, કાશ્મીરાબેન નથવાણી, જીતુભાઈ કોઠારી, પુષ્કર પટેલ, સહીતના ઉપસ્થિત રહયા હતા.

# અભિનેતા સુનીલ શેટ્ટીના હસ્તે ઈક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા પ્રોજેક્ટનું લોન્ચીંગ



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

રાજકોટ જયારે રીયલ એસ્ટેટ ક્ષેત્રો હરણફાળ ભરી રહ્યું છે ત્યારે યશકલગી સમાન હિરાસર ખાતે કાર્યરત થયેલ રાજકોટ ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ આસપાસ વિકસિત થઈ રહેલા ઘણા પ્રોજેક્ટ્સમાં ભાવોમાં ખૂબ ઉછાળો જોવા મળી રહ્યો છે અને તેજીના અણસાર દેખાઈ રહ્યા છે ત્યારે 'ઈક્રેડિબલ ગ્રુપ' કે જે હિરાસર એરપોર્ટ નજીક જ ત્રણથી વધુ રેસિડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી ચૂક્યા છે અને હવે આગામી સમયમાં ઈક્રેડિબલ એરોસીટી પ્રાઈમ વિલા જેવો પ્રિમિયમ પ્રોજેક્ટ લોન્ચીંગ કરી રહ્યા છે અને આ પ્રોજેક્ટનું લોન્ચીંગ બોલીવુડના પ્રખ્યાત અભિનેતા શ્રી સુનીલ શેટ્ટી ના હસ્તે કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટની ખાસિયતો એ છે કે બાઉન્ડ્રી પેક સોસાયટી સાથે સાથે ક્લબ હાઉસ, એન્ટ્રી ગેટ, સિક્યુરિટી કેબીન, રીવરફ્રન્ટ વ્યુ, રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ સાથેની તમામ સુવિધાઓ સાથે સજ્જ સોસાયટી થવા જઈ રહી છે. તો રાજકોટ, સૌરાષ્ટ્ર તથા તમામ રોકાણકારોને આ પ્રોજેક્ટમાં રોકાણ માટે ઈક્રેડિબલ ગ્રુપ આમંત્રિત કરે છે.

# પોલીસ સમાચાર

## રાજકોટના વેલનાથપરા પૂલ પાસે વંદેભારત ટ્રેન હડફેટે અજાણ્યા યુવાનનું મોત

રાજકોટ,

રાજકોટ શહેરના મોરબી રોડ પર વેલનાથપરા સામે બેડી ચોકડીથી અમદાવાદ હાઈવે પર જતાં પૂલ પાસે જલશાહી સોસાયટી નજીક અજાણ્યોવ આશરે ૪૦ વર્ષનો યુવાન ટ્રેનની ઠોકરે આવી જતાં કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. આ યુવાને બ્લુડ રંગનું ટી-શર્ટ અને ક્રીમ જેવુ પેન્ટ પહેર્યુ છે. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના હેડકોન્સ્. હિતેષભાઇ કોઠીવાળ અને કોન્સ . ભાવેશભાઇએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. વંદેભારત ટ્રેનની ઠોકરે તે ચડી ગયાનું બહાર આવ્યું હતું. મૃતકના કોઇ વાલીવારસ હોય તો બી-ડિવીઝન પોલીસનો ૦૨૮૧ ૨૭૦૬૦૧૮, ૬૩૫૯૬ ૨૯૮૬૭ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

## રાજકોટમાં દારૂ પી રિક્ષા ચલાવતો ચાલક પકડાયો

રાજકોટ,

રાજકોટના જુના માર્કેટ યાર્ડ પાછળ ભીચરી ગામમાં રહેતો દેવશી ગાંડાભાઇ ચીરોડીયા (ઉ.વ.૪૪) દારૂ પી પ્રદ્યુમન પાર્કના ગેઇટ સામેના રોડ પર જીજે૦૩એયુ-૪૩૬૬ નંબરની રિક્ષા હંકારીને નીકળતાં આજીડેમ પોલીસ સ્ટ્રેશનના હેડકોન્સા. જયદિપભાઇ બોસીયા, કોન્સી. પ્રતાપભાઇ કામળીયા સહિતે પકડી લીધો હતો. જ્યારે ગોંડલની આસોપાલવ સોસાયટીમાં રહેતો અવી મુકેશભાઇ સોલંકી (ઉ.૨૫) નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર સેકન્ડે વાઇફ રેસ્ટોપરન્ટી સામેથી દારુ પીધેલી હાલતમાં નીકળતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડકોન્સગ. સિધ્ધંરાજસિંહ જાડેજા, કોન્સં. ગોપાલસિંહ જાડેજા સહિતે અવી મુકેશભાઇ સોલંકીએ પકડી લઇ કાર્યવાહી કરી હતી.

## રાજકોટની રાજલક્ષ્મી સોસાયટીમાં કોલેજિયન યુવાનનો ફાંસો ખાઇ આપઘાત

રાજકોટ,

રાજકોટની કોઠારીયા રોડ પર રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતા કોલેજીયન યુવાને પોતાના ઘરે રાત્રીના સમયે કોઇ કારણોસર ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતા પરિવારમાં એરરાટી મચી ગઇ છે. બનાવનું કારણ જાણવા ભકિતનગર પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી શરૂ કરી છે.રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતા રાજ મહેસભાઇ લુણાગરીયા નામના ૨૦ વર્ષના પુત્રએ રાત્રીના સમયે પોતાના ઘરે રૂમમાં ગળેફાંસો ખાઇ સેતા તેમને પરિવારે બચાવી તુરંત જ સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.ત્યાં ઈમરજનસીમાં ફરજ બજાવતા ડો.સપના મહેતાએ યુવકને મૃત જાહેર કર્યા હતો.રાજ કોલેજમાં અભ્યાસ કરતો હતો તેમના પિતાને પાન-કોલ્ડ્રીકસની દુકાન છે. એકના એક પુત્રના આપઘાતથી પરિવારમાં એરરાટી મચી થઇ છે.

# રાજકોટ શહેરમાં જાહેરમાં પાનની પીચકારી મારતા વધુ ૭ વાહન ચાલકો દંડાયા



રાજકોટ,

રાજકોટ શહેરમા સફાઇ અંગે જાગતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા જાહેરમાં ન્યુસન્સ કરતા તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૧૦ તથા તા.૧૧ ના ૦૭ વ્યમક્તિુઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ તેમજ રૈયા સીવેજ પ્લાન્ટ પાસે જાહેરમાં કચરો નાખતા બે ઈસમોને રૂપિયા ૨૦૦૦/- દંડ, પ્રતિબંધિત પ્લાસ્ટક વાપરનારા બે આસામીઓને ૧૦૦૦/- દંડ કરવામાં આવેલ હતો તેમજ જાહેરમાં કચરો નાખતા એક સફાઈ કામદારને ઝડ્પી લઈ ૨૫૦ દંડ કરવામાં આવેલ.

ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ, કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# જૂનાગઢમાં ભાવિ પતિએ ગળેફાંસો ખાતા મંગેતરનો પણ આપધાત : એક સાથે અર્થી ઉઠી

જૂનાગઢ,

જૂનાગઢમાં રાત્રે ભાવિ પતિએ ઝાડ સાથે લટકીને ગળેફાંસો ખાઈ લેતા મંગેતરે પણ ઝેરી ટીકડા ખાઈને જીવન ટુંકાવી લેતા બંનેના પરિવારમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

શહેરમાં બીલખા રોડ પર આવેલ આંબેડકર નગરમાં રહેતા હિરેન બાબુભાઈ ભાસ્કરર ઉ. વ. ૨૫ નામના યુવકે બુધવારની રાત્રે બીલખા રોડ ખાતેના ગેઈટ નજીક આવેલ જંગલની દિવાલ પાસે ઝાડ સાથે લટકીને ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ અંગેની જાણ થતા પોલીસનો કાફલો સ્થટળ પર દોડી ગયો હતો. અને યુવાનનાં મળતદેહને પોસ્ટો મોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ તપાસ ભવનાથ પોલીસ ચલાવી રહી છે. આ દરમિયાન શહેરના આંબેડકરનગર વિસ્તાયરમાં રહેતી પૂજાબેન અનિલભાઈ મારુ ઉ. વ. ૧૮ નામની યુવતીએ રાત્રે ૧૦ વાગ્યાતના અરસામાં પોતાના ઘરે સેલફોસના ઝેરી ટીકડા ખાઈ લેતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં। મોડી રાત્રે ૩ વાગ્યાાની આસપાસ યુવતીનું સારવાર દરમિયાન મળત્યુ નીપજ્યું હતું.

આ અંગે મૃતક યુવતીના માતા જોશનાબેન અનીલભાઈ મારુએ એ ડિવિઝન પોલીસને નોંધાવેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, પોતે પતિ બે દીકરી અને એક દીકરો સહિતના પરિવાર સાથે આંબેડકરનગરમાં રહે છે. મરનાર દીકરી પૂજાની સગાઈ હિરેન બાબુભાઈ ભાસ્કોર સાથે થઈ હતી. હિરેનએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હોવાની જાણ થતા દીકરી પૂજાએ પણ ઝેરી ખાઈ લેતા તેનું સારવારમાં મળત્યુત નીપજ્યો હતું. આ નિવેદનના આધારે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ તપાસ એ ડિવિઝનના પીએસઆઇ એ. એ. પરમાર ચલાવી રહ્યા છે.

# જુનાગઢના છેતરપીંડીના ગુન્હામાં ફરાર આરોપી પોલીસે ઝડપાયો



જુનાગઢ,

જુનાગઢ જિલ્લાના એ ડીવીઝન પો.સ્ટે. છેતરપીંડી ગુન્હામાં નાસતા-ફરતા આરોપી લલીત છગનભાઇ પાનસેરીયાને જામનગર જિલ્લાના દરેડ જી.આઇ.ડી.સી.માંથી ક્રાઇમ બ્રાંચ, જુનાગઢની ટીમે ઝડપી લીધો છે.જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં સીધા માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરાઇ હતી.

જેમાં છેલ્લા એક વર્ષથી ફરાર લલીત છગનભાઇ પાનસેરીયા, ઉવ.૫૧ રહે. જુનાગઢ જોષીપરા, વાલાણી નગર હાલ રહે. જામનગર પટેલ કોલોની, શીવ રેસીડેન્સીં બ્લોાક નં.૩૦૧ની ધરપકડ કરી છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચલ, જૂનાગઢના પો.ઈન્સસ. જે.જે.પટેલ તથા પો.સ.ઈ. ડી.કે. ઝાલા તથા એ.એસ.આઈ. વિક્રમભાઈ ચાવડા, ભરતભાઈ સોલંકી, વરજાંગભાઈ બોરીચા તથા પેરોલ ફર્લો સ્ક્વોડના પો.હેડ ડોન્સસ. જયદિપભાઈ કનેરીયા તથા પો.કોન્સર. સાહિલ સમા વિ. પો.સ્ટાફએ કરી છે.

# રાજકોટનાં બાલાજી હોલ પાછળ આરએમસી ક્વાર્ટર ચોકમાં જૂગાર રમતા ૭ પકડાયા

રાજકોટ,

રાજકોટ શહરેના દોઢસો ફુટ રીંગ રોડ બાલાજી હોલ પાછળ દૂધસાગર ચોકમાં આવેલા આરએમસી કવાર્ટરના ગેઈટ પાસે જાહરેમાં જૂગાર રમાતો હોવાની બાતમી પરથી તાલુકા પોલીસે દરોડો પાડી ૭ શખ્સોને પકડી લઇ રોકડ અને ગંજીપાના કબ્જે લીધા હતાં.

તાલુકા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાબરે હેડકોન્સ. અજયભાઇ ભુંડીયા, નિકુંજભાઇ માલવીયાને મળેલી બાતમી પરથી બાલાજી હોલ પાસે આવેલા આરએમસી કવાર્ટરના ગેઈટ પાસેના ચોકમાં દરોડો પાડી રાહુલ રમેશભાઇ દાફડા (ઉ.૨૬-દેવનગર-૬ રાજનગર ચોક), જમાલુદીન નીજામુદીન શેખ (ઉ.૨૯-નાના મવા સર્કલ આરએમસી ક્વાડર્ટર નં. ૧૯/ ૭૫૦), રવિ ભવાનભાઇ પરમાર (ઉ.૨૩-દેવનગર-૩), મનિષ ગોપાલભાઇ રામાવત (ઉ.૨૦-સાગર ચોક આરએમસી ક્વા/ર્ટર નં. ૭/૧૩૦૬), ફિરોઝશા દાઉદશા શાહમદાર (ઉ.૨૦-આરએમસી ક્વાાર્ટર ૧૬/ ૧૯૫૦), અવિનાશ નરેન્દ્રનભાઇ સોલંકી (ઉ.૨૨-સાગર ચોક આરએમસી ક્વાાર્ટર ૧૧/૧૩૭૭) અને વિશાલ દિનેશભાઇ શિયાર (ઉ.૧૮-સાગર ચોક આરએમસી ક્વારર્ટર-૨/૧૨૪૦)ને જુગાર રમતાં પકડી લઇ ગંજીપાના તથા રૂા.૧૦૩૦૦ની રોકડ કબ્જે લીધી હતી.પીઆઇ ડી. એમ. હરીપરાની રાહબરીમાં પીએસઆઇ પી.

# રાજકોટના વાવડીના વૃજવીલામાં બંધ ફલેટમાંથી રૂ. ૪૪૫૦૦ની મતાની ચોરી

## પરિવારજનો વતન હસ્નાલપુર ગામે જતાં તસ્કરોનો હાથફેરો: તાલુકા પોલીસમાં ફરિયાદ

રાજકોટ,

રાજકોટના વાવડીમાં બધ ફલેટના તાળા તોડી તસ્કીરો રોકડ, મોબાઇલ, લેપટોપ કુલ ૪૪૫૦૦ની મત્તા ચોરી ગયા છે.

આ બનાવમાં તાલુકા પોલીસે વાવડી રાધેશ્યા મ ગૌશાળા પાસે વૃજવીલા એપાર્ટમેન્ટ્ સી-૧૦૨માં રહેતાં અને મેટોડા કંપનીમાં પરચેઝ ઓફિસર તરીકે નોકરી કરતાં દિવ્યેશભાઇ ઉકાભાઇ ડોડીયા (ઉ.વ.૨૭) નામના યુવાનની ફરિયાદ નોંધી છે. દિવ્યેશભાઇના કહેવા મુજબ પોતે તથા પત્નિર અને પિતા તા. ૧૦/૪ના રોજ સાંજે પાંચેક વાગ્યેવ ઘરને બંધ કરી ગીર સોમનાથના હસ્નાવદર ગામે પોતાના વતન ગયા હતાં. ૧૧મીએ સવારે આઠેક વાગ્યે ઘરે આવ્યા? ત્યાપરે ઘરમાં ચોરી થયાની જાણ થઇ હતી. તસ્કરો ફલેટના લાકડાના દરવાજાનો નકુચો તોડી અંદર ઘુસી ફ્રીઝ પર રાખેલા પર્સમાંથી રૂા. ૮૫૦૦ની રોકડ, એમઆઇનો રૂા. ૬૦૦૦નો મોબાઇલ ફોન તથા લીનોવોનું લેપટોપ રૂા. ૩૦ હજારનું મળી કુલ ૪૪૫૦૦ની મત્તા ચોરી ગયું હતું. પીઆઇ ડી. એમ. હરીપરાની રાહબરીમાં પીએસઆઇ કે. એચ. કારેણાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

બી. ત્રાજીયા, અજયભાઇ, જુગલભાઇ, નિકુંજભાઇ સહિતની ટીમે આ દરોડો પાડયો હતો.

# રણછોડદાસજી બાપુના આશ્રમથી પદયાત્રા—લોકસંપર્કનો પ્રારંભ કરતા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા

## વિવિધ સમાજના અગ્રણીઓ ધ્વારા રૂપાલાજીનું ઉષ્માસભર સ્વાગત : ભાજપ તરફી સર્જાતો સ્વયંભુ લોકજુવાળ : ઠેર—ઠેર છવાતો કેસરીયો માહોલ : છેલ્લા ૧૦ વર્ષમાં ભારતની જનતા અનુભવી રહી છે કે, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણા દેશની એક નવી ઓળખ આખી દુનિયાની સામે ઉભી થઈ રહી છે : પરશોતભાઈ રૂપાલા



રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ધ્વારા વિધાનસભા—૬૮માં શહેરના વોર્ડ— ૪ માં પૂ. રણછોડદાસજી બાપુના આશ્રમ ખાતેથી પદયાત્રાનો પ્રારંભ કરી વોર્ડના વિવિધ વિસ્તારોમાંલોકસંપર્ક યોજાયો હતો. આ તકે રૂપાલાજી પદયાત્રા દરમિયાન સમાજના જુદા—જુદા વર્ગો, વિવિધ સામાજિક શ્રેષ્ઠીઓ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી તેમજ વોર્ડના વિવિધ વ્યવસાયિક સ્થળો, દુકાનો અને ડોર—ટૂ—ડોર લોકસંપર્ક કરેલ હતો.

આ તકે રૂપાલાજી સાથે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, મેયર નયનાબેન પેઢડીયા, સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ પદયાત્રાના પ્રારંભે રણછોડદાસજી બાપુના આશ્રમ ખાતે શીશ ઝુકાવી દર્શન—પૂજનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ વોર્ડ—૪ ના વિવિધ વિસ્તારો ચામુંડા સોસાયટી, શ્રી રામ પાર્ક, બાલાજી પાર્ક, શિવરંજની પાર્ક, વૃંદાવન વિલા, લખમણ પાર્ક, ગુરૂદેવ પાર્ક—૨, નરસિંહ મહેતા ટાઉનશીપ, ૫૦ ફુટ રોડ, ડી. માર્ટ કોમ્પલેક્ષ સહિતના વિસ્તારોમાં લોકસંપર્ક કરેલ હતો.

આ લોકસંપર્ક દરમ્યાન રૂપાલાજીનું કોળી સમાજ, માલધારી સમાજ, દશનામ ગોસ્વામી સમાજ, માળી સમાજ, કડવા પાટીદાર સમાજ, લેઉવા પટેલ સમાજ, આહિર સમાજ, ગાંધી માનવસેવા ટ્રસ્ટ, ૮૦ ફુટ રોડ વેપારી એસોસીએશન, જય જવાન જય કિસાન વેપારી એશો., રાજપુત સમાજ ધ્વારા ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ભારતની સંપ્રભુતાનું સન્માન

લાઇન ઓફ એક્સ્યુઅલ કંટ્રોલ અંગે ભારત-ચીન વચ્ચેનો વિવાદ દાયકાઓથી ચાલી રહ્યો છે બંને દેશોના કોર કમાંડરો વચ્ચે દ્વિ-દિવસીય મિટિંગ અનેકવાર યોજાઈ છે.ગલવાન ઘાટી, પેંગોગ, લેક, દેપસાંગ સહિતનાં મહત્ત્વના પેટ્રોલિંગ પોઇન્ટમાંથી સેના હટાવી બંને દેશો વચ્ચે પૂર્વી લદ્દાખના વિવાદના જલદી ઉકેલ માટેની સહમતી આ મંત્રણામાં બને છે સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવે છે 'વાતચીત સકારાત્મક અને રચનાત્મક રહે છે બાકીના મુદ્દાઓ પણ સૈન્ય અને રાજદ્વારી માધ્યમો દ્વારા જલદીથી ઉકેલવામાં આવે તે માટે બંને પક્ષો સહમત થાય છે. પરંતુ ચાઇના દ્વારા તેનું અમલ કરવામાં આવતો નથી.

' લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ ચીન અને ભારત વચ્ચે પશ્ચિમમાં લદ્દાખથી લઈને ભારતના પૂર્વી રાજ્ય અરૂણાચલ પ્રદેશ સુધીનાં ક્ષેત્રોને અલગ કરે છે. પણ પારકી જમીન પર કબજો જમાવવામાં પાવરધું ચીન એના પર ખોટો દાવો માંડે છે. ભારતના પૂર્વોત્તર ક્ષેત્રના લગભગ ૯૦ હજાર વર્ગ કિલોમીટર પર ચીન દાવો કરે છે, જેમાં અરૂણાચલ પ્રદેશ અને લદ્દાખ સામેલ છે. ચીન અવાર-નવાર પ્રોટોકોલ તોડીને ભારતની સીમામાં ઘુસીને લડાઈ-ઝઘડા કરતું રહે છે. ત્રણ વર્ષ પહેલાં લદ્દાખ ક્ષેત્રમાં થયેલી ઝપાઝપીમાં ૨૦ ભારતીય સૈનિકો અને કેટલાંક ચીની સૈનિકો માર્યા ગયા હતા.

ભારત-ચીનના આ સરહદી વિસ્તારમાં જે કંઈ ચીને કર્યું છે તે અચાનક નથી થયું, પરંતુ ધીરે-ધીરે ચીને ત્યાં આધારભૂત ઢાંચા તૈયાર કર્યા અને પછી ઘૂસણખોરી, હુમલા વગેરે શરૂ કર્યા છે. ભારત પણ હવે આ ક્ષેત્રોમાં બુનિયાદી ઢાંચા મજબૂત કરી રહ્યું છે. આ સરહદો પર પાક્કી સડકો, પુલ વગેરેનું નિર્માણ થઈ રહ્યું છે. છેલ્લાં ત્રણેક વર્ષમાં અરુણાચલ પ્રદેશની અલગ અલગ ઘાટીઓને જોડતા ૧૮૦૦ કિલોમીટનાં રોડ બનાવવાનું કામ પૂર્ણતાને આરે છે. ઉપરાંત પૂર્વી લદ્દાખનાં ક્ષેત્રોમાં ૪૫ પુલો, બે હેલી પેડ અને ૫૫૦૦ સૈનિકો રહી શકે તેવા આવાસ પણ બની ગયા છે. અન્ય ૧૪ પરિયોજનાઓ કાર્યરત છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ચીની ઘૂસણખોરીથી સુરક્ષાનો અને તેની સામે અડિખમ લડત આપવાનો છે. ભારત ચીનના અડિયલ રવૈયા નો જવાબ દર વખતે આપે જ છેભારતના વિદેશ મંત્રી જયશંકરે આ અંગે ખૂબ કડક વલણ અપનાવતાં કહ્યું છે કે, 'ચીને ભારતની સંપ્રભુતાનું સન્માન નથી કર્યું.

# સુધારાવાદી મહારાજા શ્રીતખ્તસિંહજી



### ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે રાજવીએ અનંતની વાટ પકડી

### તખ્તસિંહજી પાશ્ચાત્ય પદ્ધતિથી શિક્ષણ પામેલા પ્રથમ રાજવી હતા

### મહારાણી માજીરાજબાનું અવસાન થતાં તેમની સ્મૃતિ માટે ગામના તળાવમાં 'ગંગાદેરી'નું નિર્માણ કરાયું

## ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

તખ્તસિંહજીએ રાજા તરીકે ઇ.સ.૧૮૮૮માં પૂર્ણ સત્તા સંભાળ્યા પછી સ્ટેટ કાઉન્સિલની રચના કરેલ તેમાં ચાર સભ્યોની નિમણૂક કરી હતી. દરેક સભ્ય હસ્તક એક-એક વિભાગ રખાયો હતો. (૧) વડા દીવાન—રાજકીય અને મહેસૂલી વિભાગ (૨) વડા-જ્યુડિસિયલ કાઉન્સિલર, પોલીસ અને ન્યાય વિભાગ (૩) વડા નાણાકીય કાઉન્સિલર, નાણા વિભાગ (૪) વડા સંયુક્ત રીતે સ્ટેટ ઇજનેર અને જાહેર બાંધકામ કાઉન્સિલર-જાહેર બાંધકામ. આ પ્રકારની વહીવટી કાર્યવહેચણીને મુંબઈના તે વખતના ગવર્નર રેની અનુમતિ હતી. વહિવટી તંત્રમાં કારોબારી અને ન્યાય તંત્રનું સત્તા વિભાજન કરાયું હતું. અગત્યનો અને નોંધપાત્ર સુધારો સૌરાષ્ટ્ર ભરમાં કદાચ પ્રથમ પ્રયાસ હતો. પ્રથમ કાઉન્સિલના એક કાઉન્સિલર સર એમ.એમ. ભાવનગરી નિવૃત્ત થયા પછી તુરતજ બ્રિટિશ સંસદના સભ્ય બન્યા હતા. ઇ.સ. ૧૮૮૮થી દરેક ખાતાના મુખ્ય જવાબદાર અધિકારીની જગ્યા ઉપર આધુનિક અંગ્રેજી કેળવણી પામેલાની નિમણૂકો થવાલાગી હતી. આ રીતે વહીવટી તંત્રમાં પરીવર્તન દ્વારા આધુનિકરણે પ્રવેશ કર્યો હતો. વેઠપ્રથા અને નજરાણાની પ્રથા નાબૂદ કરવામાં આવી હતી, લગ્નની ઉંમર માટેનો કાયદો બનાવવામાં આવ્યો હતો. કરજદાર ગરાસિયાઓ અને ભાયાતો માટે ઉત્કર્ષની યોજના બનાવવામાં આવી હતી. ઇ.સ. ૧૮૮૯માં અનાવૃષ્ટિ થતાં ગરીબોને રાહત માટે 'ગરીબખાનું' શરૂ કરવામાં આવ્યું હતું. સિબંદી સવારો અને અંગરક્ષકોની ટુકડી વિખેરી નાખી તેમાના સક્ષમ વ્યક્તિઓને આધુનિક લશ્કરી તાલીમ આપી, લેન્સર્સની ટુકડી ઊભી કરી તેના કમાંડિંગ ઓફિસર તરીકે મુરાદઅલીની નિમણૂક કરવામાં આવી હતી. તાલીમ પામેલ પાયદળ (હકક્રહંઅિ)ની ટુકડી તૈયાર કરવામાં આવી હતી.

પ્રજાવત્સલ રાજવી તખ્તસિંહજી રાજ્ય અમલનાં ૨૫વર્ષ પૂરા કરે તેના માનમાં રૌપ્ય મહોત્સવ ઉજવવાની ઇચ્છા ભાવનગરની પ્રજા ધરાવતી હતી, પરંતુ ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે રાજવીએ અનંતનીવાટ પકડતા પ્રજાની ભાવના પૂર્ણ થઈ શકી નહીં.

**મહાન રાજવીના કાર્યોનું મૂલ્યાંકન :**

તખ્તસિંહજી પાશ્ચાત્ય પદ્ધતિથી શિક્ષણ પામેલા પ્રથમ રાજવી હતા, તથા રાજકોટની રાજકુમારોની કોલેજના પણ પ્રથમ વિદ્યાર્થી હતાં. ઉપરાંત ઈંગ્લેન્ડમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની માનદ એલ.એલ.ડી.ની પદવી મેળવવાનું તથા રાણી વિક્ટોરિયાની રૂબરૂ મુલાકાત મેળવવાનું બેવડું બહુમાન મેળવનાર પણ તેઓ પ્રથમ હતા. પાશ્ચાત્ય શિક્ષણ મેળવવાને કારણે તથા તેમની સગીર વ્યવસ્થા દરમ્યાન સંયુક્ત વહીવટનાં કાર્યદક્ષ વહીવટની પૂર્વભૂમિકાને કારણે તેમણે પોતાના ૧૮વર્ષના સંપૂર્ણ સત્તાવાળા વહીવટ દરમ્યાન પ્રગતિશીલ અને લોકકલ્યાણલક્ષી સુધારાઓ થકી રાજયનું આધુનિકરણ કરવાનો પ્રારંભ કર્યો હતો તેમ કહી શકાય. તેમનાં સમયનાં કોઈ યુદ્ધો થયા ન હતાં. તેથી રાજયમાં શાંતિ અને સલામતી પ્રવર્તતી હતી. પરિણામે તેઓ પોતાનું ધ્યાન શિક્ષણ અને પ્રજાકલ્યાણ માટેના સાર્વજનિક બાંધકામો તરફ આપી શક્યા હતા. ભાવનગર રાજયના આધુનિકીકરણની પ્રક્રિયા તેમના શાશનકાળ દરમ્યાન શરૂ થઈ હતી, જે પછીથી તેમના વારસદારોએ આગળ ધપાવી હતી. આમ ભાવનગરને સૌરાષ્ટ્રમાં એક મહત્વનું વિકાસશીલ તથા પ્રગતિવાદી રાજય બનાવવામાં તેમણે વિશેષ યોગદાન આપ્યું હતું. તેમના નામ પ્રમાણે જ તેઓ ખરેખર તખ્ત (સિંહાસન) ઉપરના સિંહ હતા. આજે પણ તખ્તસિંહજી હોસ્પિટલ એ તેમના પ્રજાકલ્યાણલક્ષી કાર્યનું સ્મૃતિચિન્હ છે. તો ટેકરી ઉપર આવેલ તખ્તેશ્વર મહાદેવ મંદિરની ધજા ફરફરીને સંકેત આપી રહી છે કે રાજવી તખ્તસિંહજીએ ભાવનગરની કિર્તિ ચારે દિશામાં ફેકલાવી ભાવનગરને સૌરાષ્ટ્રનું એક મહત્વનું રાજય બનાવી દીધું હતું. કાઠિયાવાડમાં દેશી રજવાડાઓમાં ભાવનગર રાજય પ્રથમવર્ગના રાજયોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતું હતું. માત્ર સૌરાષ્ટ્રમાં કે ગુજરાતમાં જ નહીં બલ્કે કેટલીક બાબતોમાંતો અખિલહિન્દ કક્ષાએ કલ્યાણકારી યોજનાઓ અને પ્રવૃત્તિઓનો પ્રારંભ કરનાર ભાવનગર હતું.

તખ્તસિંહજીના લોક કલ્યાણના કાર્યો અને કેટલીક મહત્વની ઘટનાઓની વિગતો વર્ષ પ્રમાણે.

૧૮૭૦— ૧૧એપ્રિલના રોજ જશવંતસિંહજીનું અવસાન. તખ્તસિંહજી ગાદીનશીન થયા, સંયુક્ત કારભાર પ્રથા દાખલ થઈ. તખ્તસિંહજી રાજકોટની રાજકુમાર કોલેજમાં પ્રથમ વિદ્યાર્થી તરીકે દાખલ થયા.

૧૮૭૧ —ભાવનગરમાં 'ધી વોલકટ' યુનાઈટેડ પ્રેસની સ્થાપના. શહેર સુધારાઈ ધારો પસાર કરાયો. મહુવા, કુંડલા, બોટાદ અને તળાજા મહાલોની નિશાળોંને સેકન્ડ ગ્રેડ વર્ણાક્યુલર સ્કૂલની કક્ષાએ મુકાઇ.

૧૮૭૨-સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પીવાના પાણીના જળાશયની 'બોરતળાવ' થી જાણીતા 'ગૌરીશંકર સરોવર' બંધાવી કર્યો. શામળદાસ મહેતાની 'ન્યાયકીય મદદનીશ સંયુક્ત કારભારી' તરીકે નિમણૂક. જમીન માપણીનું ભગીરથકાર્ય કરાયું. ૮જુલાઇના રોજ આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના. સૌ પ્રથમ નગરપાલિકાની રચના કરવામાં આવી. સમગ્ર કાઠિયાવાડમાં પ્રથમ ભાવનગર રાજયામાં સનદી સેવા અંગેના નિયમોનું ઘડાયા. સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વૃક્ષારોપણ દ્વારા વનીકરણના પ્રારંભ. જમીન મહેસૂલની વસૂલાત માટે 'ભાગબટાઈ પદ્ધતિ'ને બદલે 'ખાતાબંધી' પદ્ધત્તિ દાખલ કરવામાં આવી. કોટન પ્રેસની સ્થાપના થઈ.

૧૮૭૩- મુંબઈની 'મેસીઅર્સ-ફોર્બસ એન્ડ કું.' એ કાંતવા —વણવાની (સ્પીનીંગ-વિવિંગ) મિલ સ્થાપી. બ્રિટિશ સરકાર વચ્ચે 'બ્રાન્ચ ટેલિગ્રાફ લાઇન' (ધોલેરા-ભાવનગર) અંગેની સમજૂતી થઈ.

૧૮૭૪- 'જહોન' માર્કાવાળી જિનિંગ ફેક્ટરીની સ્થાપના થઈ. ૨૦એપ્રિલે તખ્તસિંહજીના લગ્ન થયા. લગ્ન પછી તેમના અભ્યાસ માટે ટ્યુટર અને કંપેનિયન તરીકે સૌરાષ્ટ્રના મદદનીશ પોલિટિકલ એજંટ કર્નલ નટની મુંબઈ સરકારે નિમણુક કરી.

૧૮૭૫- ભાવસિંહજી-બીજાનો જન્મ ૨૫ એપ્રિલે. ખેતીવાડીને ઉત્તેજન માટે કાઠીયાવાડના અન્ય રાજયોમાં ઉત્તપન્ન થતી ખેત-પેદાશોનું પ્રદર્શન કુંડલા મહાલમાં યોજાયું. મહુવા, કુંડલા, સિહોર અને બોટાદમાં સુધારાઈનું કાયદેસરનું બંધારણ લાગુ કરવામાં આવ્યું. નવેમ્બર માસમાં ગોંડલવાળા મહારાણી માજીરાજબાનું અવસાન થતાં તેમની સ્મૃતતિ માટે ગામના તળાવમાં 'ગંગાદેરી'નું નિર્માણ કરાયું. 'ઘાંઘળી કેસ' સંદર્ભે ગવર્નર જનરલની કાઉન્સિલે ૨૦માં ધારા તરીકે 'ભાવનગર ધારો' પસાર કરતાં ૧૧૬ ગામોની હકૂમત ૬૦ વર્ષ પછી પુનઃ પ્રાપ્ત થઈ.

૧૮૭૭- તખ્તસિંહજીને ઞ્જીંનો અને ગગા ઓઝાને CSIનો ખિતાબ અપાયો. ભાવનગરને ૧૧થી વધારીને ૧૫તોપનું માન કરાયું. આજીનદી પર 'કેસર એ હિન્દ' પુલ બંધાવ્યો. મહુવા કોટન પ્રેસની સ્થાપના. પાતાભાઈ નરેલાએ 'જસવંત વિલાસ' નામે ઇતિહાસ લખ્યો.

૧૮૭૮- 'ભાવનગર ગોંડલ રેલ્વે લાઇન' ને હિંદના ગવર્નર જનરલ લોર્ડ લિટન દ્વારા મંજૂરી. ૫એપ્રિલે તખ્તસિંહજીને પૂર્ણ સત્તાની સોપણી.

૧૮૭૯- ૧૩જાન્યુઆરીએ ગૌરીશંકર નિવૃત્ત અને શામળદાસ મહેતાની નિયુક્તિ. ગગા ઓઝાને ૨૦,૦૦૦ પેન્શન અને જિવાઈમાં તુરખા ગામ અપાયા. ૧૪જાન્યુઆરીએ તખ્તસિંહજી હોસ્પિટલનો શિલાન્યાસ. ૨૩જાન્યુઆરીએ ગગા ઓઝાનો નિવૃત્તિ સમારંભ યોજાયો. ભાવનગર ખાતે મોટી ગોદીની સ્થાપના. ૭એપ્રિલે 'ભાવનગર' નામની આગબોટ તરતી મૂકવામાં આવી. દુષ્કાળ પડ્યો. ૧૯ઓગસ્ટના રાજકુમાર કોલેજમાં તખ્તસિંહજી વિંગનું ઉદઘાટન. ખેડૂતોના બાળકોમાટે અભ્યાસ માટે આર્થિક સહયોગ અંગેનો પરિપત્ર. કાબુલ પરના આક્રમણ સમયે બ્રિટિશ સરકારને ૨૦૦ ટટ્ટુઓની સહાય.

૧૮૮૦—જાન્યુઆરીમાં વરાળથી ચાલતી હોડી તરતી મૂકી. કાઠીયાવાડ-સૌરાષ્ટ્રના બંદરોમાં આવેલા વહાણો માથી ૬૧% ભાવનગર બંદરે આવેલા. અને ૭૯%ભાવનગર બંદરેથી ઉપડ્યા હતા. ૧૮ડિસેમ્બરના રોજ ગવર્નર જનરલ જેમ્સ ફર્ગ્યસને સૌરાષ્ટ્રની પ્રથમ રેલ્વે 'ભાવનગર-ગોંડલ રેલ્વે લાઇનનું ઉદઘાટન કર્યું.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું





**મેષ - (અ, લ, ઈ) :-** જો તમે પરિણીત છો, તો તમારે આખા અઠવાડિયામાં તમારા બાળકના શિક્ષણ માટે ઘણા બધા પૈસા ખર્ચવા પડી શકે છે. જેના કારણે તમે અપેક્ષા કરતા વધુ આર્થિક સંકડામણમાં આવી જશો, તેથી આ બાબતને એકલા ઉકેલવાને બદલે તમારા જીવનસાથી સાથે આ મુદ્દાઓ વિશે વાત કરો. તમે ઘણી વાર ઘરેલુ જવાબદારીઓથી ભાગતા જોવામાં આવશો, પરંતુ આ અઠવાડિયામાં આવું કરવું તમારા માટે ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. કારણ કે કોઈપણ કિંમતે, આ સમય દરમિયાન, તમે ઘરને કારણે તમારી જવાબદારીઓથી છૂટકારો મેળવી શકશો નહીં, જેના કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. તમે આખા અઠવાડિયામાં પ્રેમ સંબંધોમાં ખૂબ રોમાંસ અને પ્રેમ ગુમાવશો. કારણ કે કેટલાક કારણોસર અચાનક તમારા અને તમારા પ્રેમી વચ્ચે કેટલાક નાના તફાવત ઉભરી આવશે. જેની નકારાત્મક અસર તમારા બંને માટે અંતર લાવશે. આ અઠવાડિયું તમારા માટે કાર્યસ્થળ અને વ્યક્તિગત જીવનને અલગ રાખવા માટે સારું રહેશે. કારણ કે શક્ય છે કે વ્યક્તિગત જીવનને લીધે, તમે તમારી કારકિર્દી પ્રત્યે બેદરકારી દાખવી શકો, જેના કારણે તમને તમારા વિકાસમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.



**વૃષભ - (બ, વ, ઉ)** અજો તમે તમારી જાતને તાણમુક્ત રાખવા માંગતા હો, તો તમારા માટે ભૂતકાળને દૂર કરીને નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. તમારી રાશિના લોકોએ આ અઠવાડિયામાં પૈસા સંબંધિત કોઈપણ જોખમ લેવાનું ટાળવું જોઈએ. કારણ કે આની જેમ, આ સમય દરમિયાન, ઘણી જગ્યાએથી અચાનક પૈસા મળવાની સંભાવના છે. પરંતુ તમે આ સમયે પૈસાનો ઉપયોગ કરો તે પહેલાં, તમારે દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને સારી રીતે તૈયાર કરવાની જરૂર રહેશે. આ અઠવાડિયે કોઈ પારિવારિક સદસ્ય તમને વધારે દબાણ કરી શકે છે. આવી સ્થિતિમાં, તેની સાથે દલીલ કરવાને બદલે, પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે તેની મર્યાદા નક્કી કરવી, તમારા માટે એકમાત્ર અને વધુ સારો વિકલ્પ સાબિત થશે. આ અઠવાડિયે, તમારા પરિવારના સભ્યો તમારા પ્રેમ સંબંધની વચ્ચે આવી શકે છે, તમારા પ્રેમીને દુરૂપયોગ કરે છે. આનાથી તમારા પ્રેમીને જ નુકસાન થશે નહી, પરંતુ તમારા સંબંધોમાં પણ અંતરની સંભાવના રહેશે. તેથી, પ્રેમીને કારણે શક્ય તેટલું, પરિવારના સભ્યો સાથે દલીલ કરવાનું ટાળો. આ અઠવાડિયા દરમ્યાન, તમે ક્ષેત્ર પરનું દરેક કાર્ય વધુ જવાબદાર, કેન્દ્રિત, સંગઠિત રીતે કરશો. જેની મદદથી તમે કાર્યસ્થળ પર પણ તમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપી શકશો.



**મિથુન - (ક,છ,ઘ) :-** આરામ કરવા અને નજીકના મિત્રો અને પરિવાર સાથે ખુશીની થોડી ક્ષણો પસાર કરવા. કારણ કે તે તમારા આરોગ્ય જીવન પર સકારાત્મક અસર થવાની શક્યતાને વધારશે. શક્ય છે કે તમે આ અઠવાડિયામાં એટીએમમાંથી પૈસા ઉપાડી શકો, પરંતુ કેટલાક કારણોસર પૈસા અથવા તમારું વૉલેટ ખોવાઈ શકે છે. તેથી, આવી દરેક મુશ્કેલીઓ ટાળવા માટે, તમારે તમારી જાત સાથે સાવચેત રહેવાની જરૂર રહેશે. નહીં તો આ બાબતોમાં તમારી સાવચેતીનો અભાવ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. આ અઠવાડિયે કોઈ સંબંધી દ્વારા માંગલિક ઘટના તમારા પરિવારના ધ્યાનનું મુખ્ય કેન્દ્ર હશે. આની સાથે, શક્ય છે કે આ સમય દરમિયાન, કોઈ દૂરના સંબંધી તરફથી કોઈ સારા સમાચાર તમારા આખા પરિવાર માટે ખુશ ક્ષણો લાવશે. કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની લાગણી વિશે એકલા લોકોએ આ અઠવાડિયે દરેક સાથે વાત કરવાનું ટાળવું પડશે. અન્યથા શક્ય છે કે તમે તમારા મિત્રને જેમની સાથે તમારો દિલ શેર કરો છો, તે તમને છેતરશે અને તમારી રમત બગાડે છે. આ સમય તમારી કારકિર્દીમાં તમને પ્રગતિ લાવશે, પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે ધૈર્ય ગુમાવશો નહીં અને ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેશો, જ્યારે સફળતાના વ્યસનને તમારા મગજમાં ન લેવા દો. ઘણા વિદ્યાર્થીઓની અગાઉની સખત મહેનત, જેમને તેઓ અર્થહીન માને છે, આ અઠવાડિયામાં રંગ લાવશે.



**કર્ક - (ડ, હ) :-** બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અથવા મેદસ્વીપણાના દર્દીઓએ પોતાની કાળજી લેવાની અને સમય અને સમય અનુસાર દવા લેવાની જરૂર રહેશે. ઉપરાંત, જો તમારા કોલેસ્ટરોલમાં સમાનતા હોય, તો તમારે પણ તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણ કે ફક્ત આ કરવાથી, તમે આરોગ્ય સંબંધિત ઘણાં ફાયદાકારક પરિણામો પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, જે લોકોની આર્થિક સ્થિતિ આવરી લેવામાં આવશે તે તમામ લોકોને તેમના સંબંધીઓનો ટેકો મળશે. કારણ કે જો તમને જરૂર હો ય તો નજીકના અથવા સંબંધીઓ તરફથી આર્થિક મદદ મળી શકશો, જે તમને દરેક વિરોધી પરિસ્થિતિનો સામનો કરવામાં સક્ષમ બનાવશે. તેથી, તમારા સંબંધીઓ અને મિત્રો સાથેના તમારા સંબંધોમાં સુધારો લાવો અને તે જ દિશામાં પ્રયાસ કરો. સામાજિક તહેવારોમાં તમારી ભાગીદારી તમને સમાજના ઘણા પ્રભાવશાળી લોકો સાથે સંપર્કમાં રહેવાની તક આપશે.



**સિંહ - (મ, ટ) :-** જો તમારું સ્વાસ્થ્ય સારું છે, તો તમે જીવનના દરેક પાસાઓનો આનંદ લઈ શકો છો. આ સમયગાળા દરમિયાન, આ રાશિના મોટાભાગના લોકો, આ મુદ્દાને અનુસરે છે, તેમની ખરાબ ટેવો સુધારવા માટે પ્રયત્ન કરશે. આ રાશિના જાતકો, જે હજી પણ બેરોજગાર હતા, તેમને આ સપ્તાહ ઇચ્છા મુજબ નોકરી મળવાની આખી સંભાવના જોવામાં આવ છે. આનાથી તેમની નબળી આર્થિક સ્થિતિમાં વધારો થશે, સાથે તેઓ તેમની બાકી લોન અથવા ઋણ પણ ચૂકવવા માં સફળ રહેશે. તેથી, નોકરીની શોધમાં તમારા પ્રયત્નો ચાલુ રાખવું તમારા માટે આ સમય યોગ્ય રહેશે. આ અઠવાડિયામાં તમે પરિવાર સાથે સમય પસાર કરશો. આ સમય દરમિયાન તમે જાણશો કે ઘરના બાળકો તેમની ભણતર કરતાં રમત રમવામાં વધારે સમય વિતાવતા હોય છે. જેના કારણે તમે નિરાશ થશો અને તમે આ દિશામાં યોગ્ય નિર્ણય લઈ તેમના માટે કેટલાક સખત નિયમો બનાવી શકો છો. સંભવ છે કે આ અઠવાડિયું તમારી લવ લાઈફ માટેનો સૌથી મુશ્કેલ સમય હશે.



**કન્યા - (પ, ઠ, ણ) :-** તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય તમારા માટે લો, તમારા શરીરને થોડો આરામ આપો. આર્થિક બાબતોની દ્રષ્ટિએ તમારી રાશિના લોકો માટે આ સપ્તાહ ખૂબ સારો રહેવાની સંભાવના છે. કારણ કે આ સમય દરમિયાન, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં ઉમેરો કરવા માટે ઘણી તકો પૂરી પાડવાનું કાર્ય કરશે. આ અઠવાડિયું તમારા પરિવાર અથવા મિત્રો સાથે પિકનિક પર જવા માટે ઉત્તમ છે. આ ફક્ત તમારા મગજને હળવા કરશે નહીં, પરંતુ તે તમને તેમની સાથેના તમારા સંબંધોને વધુ સુધારવામાં પણ સક્ષમ બનાવશે. કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની લાગણી વિશે એકલા લોકોએ આ અઠવાડિયે દરેક સાથે વાત કરવાનું ટાળવું પડશે. અન્યથા શક્ય છે કે તમે તમારા મિત્રને જેમની સાથે તમારો દિલ શેર કરો છો, તે તમને છેતરશે અને તમારી રમત બગાડે છે. કારકિર્દીની દ્રષ્ટિએ આ સમયગાળા દરમિયાન, તમારે પાછળથી કોઈપણ કાર્યને ટાળીને બિનજરૂરી વિલંબથી બચવું પડશે. કારણ કે માત્ર ત્યારે જ તમે મેદાનમાં તમારા સિનિયરોનું સમર્થન અને પ્રશંસા પ્રાપ્ત કરી શકશો.



**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમારી આર્થિક પરિસ્થિતિમાં મોટા પાયે સુધારો થશે. પરંતુ સતત તમારા પૈસાને પાણીની જેમ વહેવા દેવો એ શાણપણની ભાવના નહીં, પણ મૂર્ખ છે. આને કારણે, તમારી યોજનાઓમાં અડચણ આવે તેવી પ્રબળ સંભાવના છે. આ અઠવાડિયે તમારા પરિવારના ઘણા લોકો તમારી સાથે સીધી વાત કરતાં જોશે નહીં, જેની પાછળનું કારણ પોતાને સર્વોચ્ચ માનવું હોઈ શકે છે. આવી સ્થિતિમાં, હંમેશાં પોતાને તેનાથી ઉપર રાખવાને બદલે, તમારે અન્યને મહત્વ આપવાનું શીખવું પડશે. તમારા કાર્યક્ષેત્રમાં ચાલી રહેલા પ્રતિકૂળ સંજોગોને લીધે, આ અઠવાડિયે તમે તમારા પ્રિયજનની બાબતો પ્રત્યે અતિશય સંવેદનશીલ દેખાશો. આવી સ્થિતિમાં, તમારે તમારી ભાવનાઓને એક જ સમયે નિયંત્રિત કરવી પડશે, અને એવું કંઈ પણ કરવાનું ટાળવું જોઈએ જેનાથી મામલો વધુ ખરાબ થઈ શકે. કારકિર્દીની રાશિફળ વિશે વાત કરતા, તમારા પ્રયત્નો અને વિચારોને આ અઠવાડિયે તમારા નસીબ દ્વારા સંપૂર્ણ ટેકો મળશે અને જેની મદદથી તમારી કારકિર્દીને સારી લીડ મળે તેવી સંભાવના છે. આવી સ્થિતિમાં, સતત તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરતા રહો.



**વૃશ્ચિક - (ન, ય) :-** તમારે અન્યની ટીકા કરવામાં તમારો વધુ સમય અને શક્તિનો વ્યય કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સૌથી વધુ સમજવાની જરૂર છે કે, આ સમયે, તે તમારી છબી તેમજ તમારા આરોગ્ય પર ખરાબ અસર કરી શકે છે. તેથી સકારાત્મક વિચારો અને તમારી વાણીમાં પણ મધુરતા લાવો. આ અઠવાડિયે યોગની રચના થઈ રહી છે, તેથી તમારી નજીકનું કોઈ તમારી પાસેથી લોન માંગી શકે છે. તેથી તમારા માટે હમણાં આવા દરેક વ્યક્તિને અવગણવું વધુ સારું રહેશે. અન્યથા શક્ય છે કે તમને તમારા પૈસા પાછા ન મળે, જે તમને પાછળથી પસ્તાશે. તેની સમસ્યાઓ હંમેશાં દરેક માટે મોટી હોય છે. અને આ અઠવાડિયે તે શક્ય છે કે તમારી સમસ્યાઓ, તમારા માટે ખૂબ મોટી, પરંતુ તમારે એ પણ સમજવું પડશે કે તમારી આસપાસના લોકો તમારી પીડા સમજી નહીં શકે. આ સ્થિતિમાં તેમની પાસેથી વધુ અપેક્ષા રાખવી તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આ અઠવાડિયામાં અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરવાનું ટાળો.



**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. આર્થિક જીવનમાં આ અઠવાડિયે તમારા ખર્ચમાં થોડો વધારો જોવા મળશે. પરંતુ સારી વાત એ છે કે તે આ દરમિયાન રહેશે, આ સમય તમારી આવકમાં નોંધપાત્ર વધારો લાવશે. જે તમને તમારા નાણાંકીય જીવનમાં યોગ્ય સંતુલન રાખવા માટે મદદ કરશે. આ અઠવાડિયે તમારા પરિવારમાં પરિવારના સભ્યોનું વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં જોશો, તેની સલાહ લેશો. ઉપરાંત તમારામાંથી કેટલાક જાટકા, ઘરેણાં અથવા ઘરની વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે. પ્રેમ એ એક પ્રકાશ છે જે તમને અંધારામાં પણ ચમકતો બનાવે છે. તમારો લવમેટ આ સમય દરમિયાન તમારા જીવનને પ્રકાશની જેમ પ્રકાશિત કરશે. તમે બંને એકબીજાને સમર્પિત થઈ જશો. આ રાશિના કેટલાક પ્રેમીઓ પ્રેમ સંબંધને લગ્નમાં પરિવર્તિત કરવાના વિચારને પણ ધ્યાનમાં લે છે. રોજગાર લોકોએ આ અઠવાડિયામાં ઓફિસની આસપાસ વાત કરવાનું ટાળવું જોઈએ.



**મકર - (ખ, જ) :-** આ સમય દરમિયાન તમે વધુ સારા, વધુ સારા અને વધુ આત્મવિશ્વાસનો અનુભવ કરશો. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપત્તિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. પારિવારિક વાતાવરણમાં પરેશાની રહેશે. આવી સ્થિતિમાં, તમારે તમારા વ્યસ્ત કાર્યોમાંથી સમય કાડીને તમારા ઘરના અને કુટુંબના પ્રશ્નોને હલ કરવાનો પ્રયાસ કરવો પડશે. જો કે, આ હોવા છતાં, તમે આખા અઠવાડિયામાં પરિવારમાં તાણ અને તાણના કારણે માનસિક રીતે ખૂબ ચિંતિત દેખાશો. આ અઠવાડિયામાં એકલ વતની માટે દરરોજ વિરોધી લિંગ વ્યક્તિ સાથે પ્રેમ કરવાની તેમની આદત બદલવા માટે સૌથી વધુ જરૂરી બનશે. ખાસ કરીને જો તમે હવે કોઈની સાથે વાસ્તવિક પ્રેમ સંબંધમાં જોડાવા માંગતા હો, તો તમારે તમારી બધી ખરાબ ટેવો બદલવી પડશે, જ્યારે તેની તૈયારી કરો. જો તમે કામ કરો છો, તો તમારે આ અઠવાડિયે કાર્યક્ષેત્ર પર સાવચેત રહેવાની જરૂર છે.



**કુંભ- (ગ, શ, ષ, સ) :-** તમે તમારી હિંમત અને આત્મવિશ્વાસમાં પણ વધારો જોશો, પરિણામે તમે તમારા જીવનને લગતા તમામ નિર્ણયો સરળતાથી લઈ શકશો, જે તમને અગાઉ લેવામાં ઘણી તકલીફ હતી. નાણાકીય જીવનમાં આ અઠવાડિયે, તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિઓમાં જોશો. આ તમને એક સારા સ્તરે ફક્ત આર્થિક લાભ આપશે નહીં, પરંતુ તમારી આર્થિક સ્થિતિ પણ પહેલા કરતા ઘણી મજબૂત જણાશે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. આ અઠવાડિયે, તમારા રોમેન્ટિક મૂડમાં અચાનક પરિવર્તન તમને ખૂબ અસ્વસ્થ અને અસ્વસ્થ કરી શકે છે. તેથી તમારા મનને નિયંત્રણમાં રાખતા વખતે, તમારી જાતને ખૂબ ભાવનાથી ગુમાવશો નહીં, નહીં તો તેનાથી તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર નકારાત્મક પરિણામો આવી શકે છે. આ સમયે, તમે ભાગીદારીમાં કરો છો તે આખરે તમારી કારકિર્દી માટે સૌથી ફાયદાકારક સાબિત થશે.



**મીન-(દ, ચ, ઝ, થ) :-**કોઈ પણ બાબતમાં વધારે વિચાર કરવો તમને માનસિક તાણ આપી શકે છે. તેથી, તમે આ ટેવમાં કંઈક સુધારવાનો પ્રયાસ કરશો, જેમાં તમે અઠવાડિયાના અંત સુધીમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, તમે ઝડપી પૈસા કમાવવા માટે કોઈ પ્રકારનો શોર્ટકટ અપનાવી શકો છો, જેથી તમે કોઈ પણ કારણ વિના ગેરકાયદેસર કેસોમાં ફસાઈ શકો. આના પરિણામ રૂપે, તમારી છબીને નુકસાનની સાથે, તમારે વધારાના પૈસાની ખોટ સહન કરવી પડશે. આ અઠવાડિયે તમને તમારા સંબંધીઓ અથવા મિત્રો સાથે સંપર્ક કરવામાં અને લોકો સાથે સંપર્ક કરવામાં મદદ કરશે, જેની સાથે તમે ફક્ત ક્યારેક-ક્યારેક મળો છો. કારણ કે આ સમય તમારા જૂના સંબંધોને ફરીથી વિકસાવવા અને સુધારવામાં તમારા માટે ખૂબ સારો સાબિત થશે. પ્રેમ સંબંધોમાં તમારા અસ્થિર સ્વભાવને લીધે, તમારે ન માંગતા હોવ તો પણ આ અઠવાડિયામાં તમારી પ્રેમિકા સાથે મતભેદ થઈ શકે છે. જેની સીધી અસર તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર જોવા મળશે અને તમે કોઈ પણ કામમાં તમારું મન મૂકી શકશો નહીં. આ અઠવાડિયામાં તમને ઓફિસમાં કામ કરવાનું મન નહીં થાય. કારણ કે તમારી કારકિર્દી વિશે તમારી પાસે થોડી દ્વિધા હશે, જે તમને ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપશે નહીં. તેથી તમારા મનને કેન્દ્રિત રાખવા માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો લઈ શકો છો. એન્જિનિયરિંગ, લો અને મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ સમય સામાન્ય કરતાં વધુ સારો રહેશે.

# AI સાથે શક્તિશાળી ફાઈટર જેટ ઉડાડવા અમેરિકાની તૈયારી



અમેરિકા,

અમેરિકા હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી પોતાના દુશ્મનોનો નાશ કરશે. આ માટે યુએસ એરફોર્સ ૧૦૦૦થી વધુ ડ્રોનનો કાફલો તૈયાર કરી રહી છે. ખાસ વાત એ છે કે આ કાફલામાં F-16 ફાઈટર જેટ પણ સામેલ છે, જે ખતરનાક માનવામાં આવે છે અને આંખના પલકારામાં દુશ્મનને ખતમ કરવાની ક્ષમતા ધરાવે છે. એરફોર્સ સેક્રેટરી ફ્રેંક કેન્ડલે યુએસ સેનેટને આ માહિતી આપી હતી. તેણે એ પણ જણાવ્યું કે તે પોતે એફ-૧૬ના કોકપિટમાં બેસવા જઈ રહ્યો છે, જેને હાલમાં જ AI સાથે ફ્લાઈટ માટે તૈયાર કરવામાં આવી છે. તેણે કહ્યું કે તે આ એટલા માટે કરવા જઈ રહ્યો છે જેથી તે જાતે જોઈ શકે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ આ ફાઈટર જેટ હવામાં કેવું પ્રદર્શન કરે છે. કેન્ડલે ડિફેન્સ ઈન્ફન્ટ્રીના સભ્યોને પણ કહ્યું કે ડ્રોન યુદ્ધ ઝડપથી વિસ્તરી રહ્યું છે. ખાસ કરીને યુક્રેન અને મધ્ય પૂર્વમાં ડ્રોન એક મોટો ખતરો બની ગયો છે. યુક્રેનમાં પણ દરરોજ નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને મધ્ય પૂર્વમાં, હુથી અને અન્ય આતંકવાદી જૂથો સતત અમેરિકન અને અન્ય વ્યાવસાયિક જહાજોને ડ્રોન દ્વારા નિશાન બનાવી રહ્યા છે. તેઓ એર ડ્રોન, વોટર ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. કેન્ડલના કહેવા પ્રમાણે, જ્યારે તે હ્ય-૧૬ ફાઈટર જેટમાં ઉડાન ભરશે ત્યારે તેની સાથે એક પાઈલટ હશે જે મારી જેમ જ જોશે કે આ વિમાન કેવી રીતે કામ કરશે. અમેરિકાના ફાઈટર જેટ હ્ય-૧૬ને દુનિયાનું સૌથી ભરોસાપાત્ર અને સુરક્ષિત ફાઈટર એરક્રાફ્ટ માનવામાં આવે છે. એટલા માટે યુક્રેનના રાષ્ટ્રપતિ રશિયા સાથે ડીલ કરવા માટે આ એરક્રાફ્ટની સતત માંગ કરી રહ્યા હતા. પાકિસ્તાન સહિત વિશ્વના ૨૫થી વધુ દેશો આ વિમાનનો ઉપયોગ કરે છે. આ ફાઈટ જેટ ૧૫ હજાર કિમીથી વધુ ઉંચાઈએ ઉડી શકે છે. તેની રેન્જ ૪ હજાર કિમીથી વધુ છે. ઝડપ અંદાજે ૨૨૦૦ કિમી પ્રતિ કલાક છે.

# અનુષ્કા સેન કોરિયન ફિલ્મોમાં કામ કરનારી પ્રથમ ભારતીય અભિનેત્રી



મુંબઈ,

નાની ઉંમરમાં અભિનેત્રી અનુષ્કા સેનએ મોટી સફળતા મેળવી છે. અનુષ્કા સેનની તગડી ફેન ફોલોઈંગ છે. જે કરીના કપુર અને જાહન્વીને પણ પાછળ છોડી દે છે. અનુષ્કા સેન હવે કોરિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના નામનો ડંકો વગાડી ચુકી છે. તે પહેલી ભારતીય અભિનેત્રી છે. જેમણે કોરિયન ફિલ્મમાં કામ કરવાની તક મળી છે. અનુષ્કા સેને વર્ષ ૨૦૦૯માં ટીવી શો યહાં મૈં ઘર ઘર ખેલીથી ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કરિયરની શરુઆત કરી હતી. તે વર્ષે તેનું પહેલું આલ્બમ સોન્ગ સામે આવ્યું ત્યારથી અભિનેત્રી ફેમસ થઈ ગઈ છે. અનુષ્કા સેન દેવો કે દેવ મહાદેવ, કોમેડી સર્કસની મહાબલી અને બાલવીર જેવા ટીવી સિરીયલમાં કામ કર્યું છે. પરંતુ ટીવી સિરીયલ ઝાંસી કી રાણીથી એક અલગ ઓળખ મળી હતી. હવે ખુબ નાની ઉંમરમાં અનુષ્કા સેન ટીવીની વધુ ફી લેતી અભિનેત્રી બની ગઈ છે.

# રમજાનમાં કરાચીના રસ્તાઓ પર ૪ લાખથી વધુ ભિખારી ઊમટયાં

ઈસ્લામાબાદ

રમજાનના મહિના દરમિયાન પાકિસ્તાનના નાના શહેરો અને ગામો છોડીને ભિખારી કરાચી તરફ વળ્યા છે. કરાચીમાં ભિખારીઓની સંખ્યા વધી જતાં સર્જાયેલી અરાજકતા વચ્ચે અપરાધનો ગ્રાફ પણ ઊંચો ગયો છે.

કરાચીના પોલીસ અધિકારી ઈમરાન યાકૂબ મિન્હાસે આ ચિંતાજનક સ્થિતિ પર પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું હતું કે ઈદ સુધીમાં ત્રણથી ચાર લાખ ભિખારી કરાચી પહોંચે છે. તેને કારણે કરાચી શહેર ભિખારીઓ અને અપરાધીઓનો અડ્ડો બની ગયું છે. પરંપપરાગત સાધનોથી અપરાધો પર નજર રાખવી મુશ્કેલ બની જતાં અધિકારીઓને સીસીટીવી કેમેરા લગાવવા અપીલ કરવામાં આવી છે. કરાચીમાં પ્રવર્તી રહેલી સ્થિતિનો અંદાજ એ વાતે આવી શકે તેમ છે કે રમજાન દરમિયાન સર્જાયેલી અપરાધીક ઘટનાઓએ ૧૯ લોકોનો ભોગ લીધો છે. સ્થિતિ એટલી કથળી ચૂકી છે કે કરાચીમાં એક મહિનામાં શાંતિ અને વ્યવસ્થા બહાલ કરવા સિંધ હાઈકોર્ટને અધિકારીઓને મહેતલ આપવી પડી. ન્યાયમૂર્તિ અબ્બાસીએ અધિકારીઓને સ્પષ્ટપણે કહ્યું કે શાંતિભંગની પ્રક્રિયામાં સામેલ પ્રભાવશાળી વ્યક્તિ સામે પણ નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવે. કોર્ટે અધિકારીઓ પાસેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર એક વ્યાપક અહેવાલ માંગ્યો છે. સ્થિતિની ગંભીરતાનો સ્વીકાર કરતાં સિંધના ડીજીપી ગુલામનબી મેમને કહ્યું હતું કે રસ્તાઓ અને શેરીઓમાં થઈ રહેલા અપરાધોને જોતાં કરાચીમાં શાંતિ અને વ્યવસ્થા બહાલ કરવી તે બાબત પડકારરૂપ છે.

# સલમાનખાને ઈદના અવસર પર ચાહકોને સરપ્રાઈઝ આપી



મુંબઈ,

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મોનો ક્રેઝ અલગ જ રહે છે. ચાહકો પણ તેમની ફિલ્મોને ખૂબ પસંદ કરે છે અને સલ્લુ ભાઈની આગામી ફિલ્મ ક્યારે આવશે તે જોવાની રાહ જોતા રહે છે. વાસ્તવમાં, સલમાન ખાન એક દાયકા કરતાં પણ વધુ સમયથી ઈદના અવસર પર તેના ચાહકોને સરપ્રાઈઝ કરતા રહ્યા છે, પરંતુ વર્ષ ૨૦૨૪માં આવું જોવા મળ્યું ન હતું. આ વર્ષે સલમાન ખાનની ફિલ્મ ઈદ પર રિલીઝ થઈ નથી, પરંતુ આ પછી પણ સલમાન ખાન પોતાના ફેન્સને ઈદની ગિફ્ટ આપી છે. સલમાન ખાને ૨૦૨૪ના ઈદના અવસર પર એક મોટી જાહેરાત કરી છે અને ખાતરી કરી છે કે ભલે આ વખતે તેની ફિલ્મ ઈદના અવસર પર ન આવી હોય, પરંતુ તે આવતા વર્ષે ઈદ પર ચોક્કસ આવવાની છે. સલમાન ખાને ઈદ ૨૦૨૪ના અવસર પર સોશિયલ મીડિયા દ્વારા પોતાના ફેન્સને એક મોટું સરપ્રાઈઝ આપ્યું છે. તેણે તેના આગામી પ્રોજેક્ટનું ટાઈટલ જાહેર કર્યું છે. ૨૦૨૫ની ઈદમાં આવી રહેલી તેની ફિલ્મનું નામ સિકંદર છે. સાજિદ નડિયાદવાલા આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે અને એઆર મુરુગાદોસ આ ફિલ્મનું નિર્દેશન કરશે. ટાઈટલની જાહેરાતની સાથે સલમાન ખાને કેપ્શનમાં લખ્યું- આ ઈદ, બડે મિયાં છોટે મિયાં અને મેદાન જુઓ અને આગામી ઈદ પર આવો અને સિકંદરને મળો.

# શુભમન ગિલ આઈપીએલમાં 3000 રન બનાવનાર સૌથી યુવા ખેલાડી બન્યો

જયપુર,

શુભમન ગિલે છેલ્લા કેટલાક વર્ષોમાં સારું પ્રદર્શન કર્યું છે. ભલે તે આઈપીએલમાં ટીમ ઈન્ડિયા કે ગુજરાત ટાઈટન્સ તરફથી રમી રહ્યો હોય. તેણે પોતાના બેટનો ખતરો બતાવ્યો છે. એકવાર તે ક્રિઝ પર સ્થિર થઈ જાય પછી તેને આઉટ કરવો મુશ્કેલ બની જાય છે. તેની પાસે દરેક તીર છે જેનાથી તે વિરોધી ટીમનો નાશ કરી શકે છે. તેણે રાજસ્થાન રોયલ્સ સામે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. શુભમન ગિલ ૪૫ રન બનાવ્યા બાદ હાલમાં રાજસ્થાન રોયલ્સ સામે રમી રહ્યો છે. પરંતુ આ મેચમાં પોતાનો ૨૭મો રન બનાવ્યા બાદ તેણે આઈપીએલમાં પોતાના ૩૦૦૦ રન પૂરા કરી લીધા છે. તેણે ૯૪મી ઈનિંગ્સમાં આઈપીએલમાં પોતાના ત્રણ હજાર રન પૂરા કર્યા છે અને ડેવિડ વોર્નરની બરાબરી કરી લીધી છે. વોર્નરે આટલી ઈનિંગ્સમાં ત્રણ હજાર રન પણ પૂરા કર્યા હતા.આઈપીએલમાં સૌથી ઝડપી ૩૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ ક્રિસ ગેલના નામે છે. ગેઈલે આઈપીએલની ૭૫ ઈનિંગ્સમાં આ કર્યું હતું. કેએલ રાહુલે ૮૦ ઈનિંગ્સમાં આ કર્યું હતું. જ્યારે જોસ બટલરે ૮૫ ઈનિંગ્સમાં ત્રણ હજાર આઈપીએલ રન પૂરા કર્યા હતા.

**૭૫ ઈનિંગ્સ - ક્રિસ ગેલ**
**૮૦ ઈનિંગ્સ- કેએલ રાહુલ**
**૮૫ ઈનિંગ્સ- જોસ બટલર**
**૯૪ ઈનિંગ્સ- શુભમન ગિલ**
**૯૪ ઈનિંગ્સ- ડેવિડ વોર્નર**
**૯૪ ઈનિંગ્સ- ફાફ ડુ પ્લેસિસ**

શુભમન ગિલ આઈપીએલમાં સૌથી ઝડપી ૩૦૦૦ રન બનાવનાર યુવા ખેલાડી પણ બની ગયો છે.

# સંજુ સેમસનને તેની એક ભૂલને કારણે ૧૨ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું

મુંબઈ,

આઈપીએલનો રોમાંચ દિનપ્રતિદિન વધી રહ્યો છે. રાજસ્થાન અને ગુજરાત વચ્ચેની મેચમાં પણ એવું જ કંઈક જોવા મળ્યું. જ્યાં છેલ્લાં બોલ સુધી મેચ ગઈ અને પરિણામ બદલાઈ ગયું. બુધવારે રમાયેલી આઈપીએલ મેચમાં રાજસ્થાન રોયલ્સ (આરઆર) ને ગુજરાત ટાઈટન્સ દ્વારા ૩ વિકેટે હરાવ્યું હતું. આ હાર બાદ રાજસ્થાન રોયલ્સને વધુ એક મોટો ફટકો પડ્યો છે. હારના દુઃખ વચ્ચે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન માટે અચાનક એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સંજુ સેમસને આ મેચમાં ૩૮ બોલમાં ૬૮ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. સંજુ સેમસને ૧૭૮.૯૫ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી અને ૭ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા.

સંજુ સેમસનને તેની એક ભૂલને કારણે ૧૨ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું છે. વાસ્તવમાં રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનને આઈપીએલની આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.આઈપીએલ ૨૦૨૪ સિઝનમાં સંજુ સેમસનનો આ પહેલો ગુનો હતો. બીસીસીઆઈએ સંજુ સેમસનને ધીમી ઓવર રેટ માટે દોષિત જાહેર કર્યા બાદ આ મોટી સજા આપી છે.



# અભિનેત્રીએ ગળામાં પહેર્યું બોયફ્રેન્ડના નામનું નેકલેસ!



મુંબઈ,

જાહ્નવી કપૂર મેદાનની સ્ક્રીનિંગમાં બોસ લેડી તરીકે પહોંચી હતી. વાસ્તવમાં, ગઈકાલે જાહ્નવી કપૂર તેના પિતા બોની કપૂરના પ્રોડક્શન હાઉસમાં બનેલી ફિલ્મ 'મેદાન'ના સ્ક્રીનિંગમાં પહોંચી હતી. આ દરમિયાન જહાન્વી કપૂર સફેદ લૂકમાં જોવા મળી હતી. સફેદ પેન્ટ અને મેચિંગ હીલ્સ સાથે સફેદ બ્લેઝર પહેરેલી, અભિનેત્રી આ લુકમાં ખૂબ જ આકર્ષક લાગી રહી હતી. જો કે, આ સમય દરમિયાન, જાહ્નવીના લુક કરતાં વધુ, તેના ગળામાં ચમકતા સિલ્વર પેન્ડન્ટે લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. વાસ્તવમાં, જહાન્વીએ તેના ગળામાં જે કસ્ટમાઈઝ્ડ નેકલેસ પહેર્યો હતો તેના પર તેના બોયફ્રેન્ડ શિખર પહાડિયાનું નીકનેમ 'શિખુ' લખેલું હતું. ભલે જાહ્નવી કપૂરે તેના અને શિખર પહાડિયાના સંબંધો વિશે ક્યારેય વાત કરી ન હતી, પરંતુ હવે તેના ગળામાં શિખરના નામ લખેલા લોકેટે તેમના સંબંધો પર મહોર લગાવી દીધી છે. જેના કારણે જાહ્નવી કપૂર હવે લાઈમલાઈટમાં આવી ગઈ છે. પરંતુ અહીં અમે જાહ્નવીના લુક્સ વિશે નહીં, પરંતુ તેના ખાસ નેકલેસ વિશે વાત કરી રહ્યા છીએ. જાહ્નવીએ તેના ગળામાં હીરાનો નેકલેસ પહેર્યો હતો, જેમાં તેના રુમર્ડ બોયફ્રેન્ડ શિખર પહાડિયાના નીકનેમ શિખુનું પેન્ડન્ટ હતું. જે જોઈને હવે તેમના સંબંધોની પુષ્ટિ થઈ રહી છે. જહાન્વી કપૂર તેના પિતા બોની કપૂરના પ્રોડકશન હાઉસની ફિલ્મ મેદાનના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં શિખુના નામનું પેન્ડન્ટ પહેરીને પહોંચી હતી.

# ઋષભ પંતને પણ ભારતીય ટીમમાં મળી શકે છે સ્થાન

મુંબઈ,

હાલ ક્રિકેટ રસીકો આઈપીએલ ૨૦૨૪ની રોંમાચક મેચોની મજા માણી રહ્યા છે ત્યારે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે.ટી ૨૦ વર્લ્ડ કપ ટૂર્નામેંટ માટે ટુંક સમયમાં ભારતીય ટીમનું એલાન થવાનુ છે. જેમાં સ્ટાર વિકેટકીપર ,બેટ્સમેન ઋષભ પંતને પણ ભારતીય ટીમમાં સ્થાન મળી શકે છે. ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ની રાત્રે ઋષભ પંતની કારને અક્સમાત થયો હતો, અને ગંભીર ઈજા થવાથી ઋષભ છેલ્લા ઘણા સમયથી ક્રિકેટથી દુર હતો. પરંતુ ઋષભે આઈપીએલ ૨૦૨૪ માં પાછા ફરી શાનદાર અંદાજમાં રન બનાવ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માં ઋષભ પંતને સીલેક્ટ કરવામાં આવશે, પંત સીવાય પણ બીજા ઘણા ખેલાડીઓ પર બીસીસીઆઈ સીલેક્ટરની નજર છે.

# અક્ષયના નામે ૬ લાખની છેતરપિંડી, પ્રોડક્શન હાઉસમાં નોકરી અપાવવાનું વચન આપ્યું હતું

મુંબઈ,

અક્ષય કુમારની પ્રોડક્શન કંપનીના નામે કૌભાંડ ચાલતું હતું, જેનો પર્દાફાશ થયો છે. અક્ષયના પ્રોડક્શન હાઉસમાંથી આવનારી ફિલ્મોમાં કામ અપાવવાના બહાને પૈસાની છેતરપિંડી કરનાર ઠગ પ્રિન્સ કુમારની પોલીસે ધરપકડ કરી છે. સોશિયલ મીડિયા પ્રભાવક પૂજા આનંદાની પણ આ જાળમાં ફસાઈ જવાની હતી.

જો કોઈ તમને કહે કે અમે તમને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસમાં કામ અપાવીશું. તમારે આ માટે આટલી રકમ ચૂકવવી પડશે, તેથી તેના પર બિલકુલ વિશ્વાસ ન કરો. કારણ કે આ એક મોટું કૌભાંડ છે.પ્રિન્સ કુમારે સોશિયલ મીડિયા પ્રભાવક પૂજા આનંદાનીને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઑફ ગુડ ફિલ્મ્સમાં કામ આપવાનું વચન આપ્યું હતું. તેના બદલામાં કેટલાક લાખ રૂપિયાની માંગણી પણ કરવામાં આવી હતી. તેને કહ્યું કે નિર્ભયા કેસ પર એક ફિલ્મ બની રહી છે જેના માટે તેને પસંદ કરવામાં આવી છે. જુહુ કોફી શોપ સિવાય, પૂજા પ્રિન્સ કુમારને અન્ય ઘણા સ્થળોએ ત્રણ વાર મળી હતી. એકવાર અમિતાભ બચ્ચનના ફોટોગ્રાફરને તેમની તસવીરો લેવા માટે પણ કહેવામાં આવ્યું હતું. ત્રીજી બેઠક જેડબ્લ્યુ મેરિયટ ખાતે યોજાવાની હતી. જોકે, આ પહેલા પૂજાએ પોલીસને જાણ કરી હતી, જ્યાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી.

વાસ્તવમાં, ૩ એપ્રિલના રોજ પ્રિન્સે પૂજાને તેના મોબાઈલથી ફોન કર્યો અને પોતાની ઓળખ રોહન મેહરા તરીકે આપી. પ્રિન્સે પૂજાને કહ્યું કે તે અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઑફ ગુડ ફિલ્મ્સ વતી વાત કરી રહ્યો છે. તેણે વચન આપ્યું હતું કે તે પૂજાને પ્રોડક્શન હાઉસમાં નોકરી પણ અપાવશે. આ પછી પૂજાને શંકા ગઈ અને તેણે પ્રોડક્શન હાઉસને ફોન કર્યો. પૂજાએ બધું કહ્યું અને રોહન મેહરા વિશે માહિતી લીધી. પરંતુ આ નામની કોઈ વ્યક્તિ ત્યાં કામ કરતી નથી તેવું જાણવા મળ્યું હતું. આ પછી પૂજાએ જુહુ પોલીસને જાણ કરી.



# રાજકોટ મનપા દ્વારા વિવિધ વિસ્તારમાં રોગચાળાંને નાથવા ૩૦૦થી વધુ ગપ્પી માછલી મુકાઇ

## ખુલ્લા ટાંકા, સુશોભનના ફુવારામાં મુકવા પોરાભક્ષક માછલી ઝોન ઓફીસેથી વિનામૂલ્યે વિતરણ

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા-મેલેરિયા શાખા દ્વારા શહેરમાં ડેંગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવા રોગોની ફેલાવતા મચ્છ્રની ઉત્પતિ અટકાવવા ઘર, ઓફિસ, શાળા વગેરે સ્થળોએ ખુલ્લા રહે પાણી ભરેલ મોટા ટાંકા કે અન્ય સ્થળોએ પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવે છે. જે અન્વયે આજે ૧ દિ'માં ૩૩૪ સ્થળોએ ગપ્પી માછલી મુકવામાં આવી હતી.

એક માછલી દિવસના ૧૦૦-૧૫૦ મચ્છદરના પોરાને ખાઇ જાય છે.પોરાભક્ષક માછલી તળાવ, મોટા ખાડા, અવેડા, ખુલ્લા રહેતા મોટા ટાંકા,પાણી ભરેલ બીનવપરાશી ટાંકા, ફુવારા, હોજ, કુવાજેવા સ્થળો એ કે જયાં નિયમિત રીતે પાણી ભરાઇ રહેતું હોય તેવી જગ્યાએ મુકવામાં આવે તો ડેન્યુ ,મેલેરિયા અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરની ઉત્પતિ અટકાવી શકાય છે તથા આવા રોગોથી લોકોને રક્ષણ મળે છે. ૧ ચો.મી. પાણીના ક્ષેત્રફળમાં ૫ થી ૧૦ નર- માદા માછલી મુકી શકાય છે. આ માછલીને અન્ય કોઇ ખોરાક આપવાની જરૂર રહેતી નથી.

વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ આરોગ્ય- મેલેરિયા શાખા દ્વારા શહેરના વોર્ડ નં. ૧,૩,૭, ૫, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૮ સહિતના વિવિધ વોર્ડમાં વિસ્તારોમાં ખુલ્લા રહેતા મોટા ટાંકા, પશુઓના પીવાના પાણીના અવેળા,ફુવારા વગેરેમાં ૩૩૪ ઘર સ્થળો એ પોરાભક્ષક માછલી મુકવામાં આવેલ.વિનામૂલ્યેળ માછલી મળશેઆ માછલી વિનામુલ્યે આરોગ્ય- મેલેરિયા શાખાની ઝોનલ ઓફિસ (૧) સેન્ટ્રલ ઝોન મેલેરિયા ઓફિસ - આરોગ્ય કેન્દ્ર ની બાજુમાં (અખિલ હિન્દ મહિલા પરિષદ), પુજારા,પ્લોટ ચોક, વોર્ડ નં. ૧૫, મેલેરિયા ભવન, (૨) ઈસ્ટ ઝોન મેલેરિયા ઓફિસ - સ્વુ. ચંપકભાઇ વોરા ડિસ્પેન્સકરી, ભાવનગર રોડ, રાજકોટ. (૩) વેસ્ટ ઝોન મેલેરિયા ઓફિસ - રૈયા ચોકડી, કિસ્મંત હોટલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, (જુની વોર્ડ ઓફીસ) ખાતેથી મેળવી શકે છે.વાહકજન્ય રોગ?અટકાયતી ઝુંબેશમાં મહાનગરપાલિકાના પ્રયત્નોમાં સૌ સાથે મળીને સહકાર આપવા મનપાના આરોગ્ય? અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.



# કાલે રાજકોટમાં સરદાર પટેલ ટ્રસ્ટ્ દ્વારા સર્વજ્ઞાતિય સમુહલગ્નનું આયોજન

રાજકોટ,

રાજકોટ સરદાર પટેલ ટ્રસ્ટ દ્વારા સતત બીજા વર્ષે 'લાડકડીના લગ્નોત્સવ' શીર્ષકતળે સર્વજ્ઞાતિય સમુહલગ્નનું આયોજન કરાયુ છે.સરદાર પટેલ ટ્રસ્ટના આગેવાનોએ જણાવ્યુ. હતુ કે તા. ૧૪ ના રવિવારે કાર્તિક પાર્ટી પ્લોરટ, ૮૦ ફુટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે આ અવસર નિરધારીત કરાયો છે. જેમાં સર્વજ્ઞાતિય ૧૧ યુગલો પ્રભુતામાં પગલા પાડશે.સાંજે ૫ વાગ્યેજ જાન આગમન, સાંજે ૬ વાગ્યે દિપ પ્રાગટય, રાત્રે ૮ વાગ્યે હસ્ત મેળાપ, સાંજે ૭.૩૦ વાગ્યે ભોજન સમારોહ અને રાત્રે ૧૦ વાગ્ય વિદાય સમારોહ યોજાશેઆ પ્રસંગે શ્રીરામભગત કનેસરાધામ, શ્રી ધવલ ભુવાજી કમઢીયાની સરકાર, મહંતશ્રી લાલદાસબાપુ, રાઘવેન્દ્રગ આશ્રમ, લાલપરી ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વચન આપશે.

મંગલ અવસરનું દિપપ્રાગટય ખોડલધામ ટ્રસ્ટગના ચેરમેન નરેશભાઇ પટેલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યોક્ષ ડો. ભરતભાઇ બોઘરા, બોમ્બે સુપર પિન્ટુભાઇ પટેલ, ધારાસભ્ય ઉદયભાઇ કાનગડના હસ્તે કરાશે.દાતાઓના સહયોગથી તમામ દિકરીઓને કરીયાવરમાં સોનાની બુટી, સોનાનો દાણો, ચાંદીની પાયલ, ચાંદીની બ્રેસલેટ, ઝુડો, ગાદલા સેટ, કબાટ, પાનેતર સહીતની વસ્તુ ઓ અપાશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા સરદાર પટેલ ટ્રસ્ટના પ્રમુખ જીતેન્દ્રભાઇ રાબડીયા, ઉપપ્રમુખ નિશાંત ગજેરા, જીજ્ઞેશ પટેલ, વિપુલ પટેલ, દીલીપભાઇ લુણાગરીયા, રીંકલ પટેલ, અંકિત ગજેરા, રાહુલ ખુંટ, જીજ્ઞેશ અકબરી, ડી. કે. પટેલ, રસીક પટેલ, કમલેશ સુદાણી, હિરેન પરસાણા, લાલુ પટેલ, હિરેન રાંક, નિખીલ રૈયાણી, કાનો લીંબાસીયા, લલીત અજાણી, ભાવેશ રામાણી, વિપુલ ઢોલરીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# નાણાવટી ચોક બન્યો અયોધ્યા નગરી રામનવમીના ભવ્ય શોભાયાત્રા યોજાશે

## શ્રીરામ કથા માં શ્રી ગાંડાબાપુ ના મુખે થી રામકથા સાંભળી રસતરબોળ થઈ રહ્યા છે શ્રદ્ધાળુઓ



રાજકોટ,

રામલલ્લા અયોધ્યા ના મંદિરમાં બિરાજમાન થયા બાદ સમગ્ર વિશ્વમાં એક અનેરો ઉત્સાહ છે આગામી તારીખ ૧૭ ના રોજ રામનવમીના ઉત્સવને ઉજવવા માટે સમગ્ર હિન્દુ સમાજ થનગની રહ્યો છે સાથે વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના ને ૬૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને તેની સાથે સંકળાયેલા તમામ આયામોના અધિકારી પદાધિકારી કાર્યકર્તાઓમાં ઉત્સાહ ચરમસીમા ઉપર છે ત્યારે રાજકોટમાં વિહિપ તથા રાધેશ્યામ ગોશાળા ના સંયુક્ત ઉપક્રમે યોજાનાર શ્રીરામ જન્મોત્સવ નિમિત્તે એક સુંદર માણવા લાયક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટના નાણાવટી ચોક પાસે આવેલ સ્ટર્લીંગ હોસ્પિટલ ની બાજુના ગ્રાઉન્ડમાં ચાલી રહેલ આ કથા તારીખ ૧૬ એપ્રિલ સુધી ચાલવાની છે. વિશ્વ હિન્દુ પરિષદ અને રાધેશ્યામ ગૌશાળા ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ રામકથા દરરોજ બપોરે ત્રણ થી સાત સુધી યોજાશે.

આ શ્રીરામ કથા ના વક્તા મહંતશ્રી ગાંડાબાપુ નો પરિચય જોઈએ તો તેઓ લાખના બંગલા પાસે આવેલ રામેશ્વર હનુમાન મંદિર ના મહંત છે અને જેઓ અનેક રામકથામાં તેમના મુખેથી કથાઓનું પઠન કરી ચૂક્યા છે. તેમના મુખેથી સુર અને સંગીતના સથવારે આ રામ કથા ચાલી રહી છે. અબાલ, વૃદ્ધો, બાળકો મહિલાઓ અને યુવાનો આ રામ કથામાં જોડાઈ રહ્યા છે ત્યારે સમસ્ત રાજકોટના શ્રદ્ધાળુઓને લાભ લેવા વિશ્વ હિન્દુ પરિષદ તથા રાધેશ્યામ ગૌશાળા દ્વારા આમંત્રણ સાથે આહવાન કરવામાં આવ્યું છે.

# શહેરના વોર્ડ-પના વિવિધ વિસ્તારોમાં પદયાત્રા કરી લોકસંપર્ક કરતા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા

## મોદી કી ગેરંટી સામાન્ય માણસની આંકાક્ષાઓ પ્રત્યે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રતિબધ્ધતા દર્શાવે છે : ઉદયભાઈ કાનગડ : પરશોતમભાઈ રૂપાલાને ઠેર-ઠેર સાર્વત્રિક આવકાર

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ધ્વારા શહેરના વોર્ડ– ૫ માં વિવિધ વિસ્તારોમાં પદ યાત્રા કરી લોકસંપર્ક યોજાયો હતો. આ તકે રૂપાલાજી પદયાત્રા દરમિયાન સમાજના જુદા–જુદા વર્ગો, વિવિધ સામાજિક શ્રેષ્ઠીઓ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી તેમજ વોર્ડના વિવિધ વ્યવસાયિક સ્થળો, દુકાનો અને ડોર–ટૂ–ડોર લોકસંપર્ક કરેલ હતો. આ લોકસંપર્ક દરમ્યાન પરશોતમભાઈ રૂપાલાને પ્રજાજનો ધ્વારા ઠેર–ઠેર



ઉમળકાભેર આવકાર મળ્યો હતો. આ તકે રૂપાલાજી સાથે વિધાનસભા–૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા તેમજ વોર્ડના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.આ તકે પરશોતમભાઈ રૂપાલાએ વોર્ડ– ૫ ના વિવિધ વિસ્તારો જેવા કે મારૂતી નગર મેઈન રોડ, ગાંધી સ્મૃતિ સોસાયટી, વલ્લભ નગર, મારૂતી નગર–૧, સંત કબીર રોડ, સદગુરૂ રણછોડનગર સહિતના વિસ્તારોમાં ઘનિષ્ઠ લોકસંપર્ક કરેલ હતો.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વમાં ભારત 'એક વિશ્વ, એક પરિવાર' ને સાર્થક કરી વિશ્વ મિત્રાની ભૂમિકા માં આગળ વધી રહયું છે ત્યારે સૌ સાથે મળીને લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકીએ એ ભારતએ વિશ્વને દર્શાવ્યું છે. ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે. અને દેશના વડાપ્રધાન તરીકેની ત્રીજી ટર્મમાં નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વનું ત્રીજુ અર્થતંત્ર બનાવવાની ગેરંટી આપી છે. આમ દેશવાસીઓનું સપનુ, મોદીજીનો સંકલ્પ છે.

# રાજકોટના હિરાસર એરપોર્ટ પર મતદાન જાગૃતિ



રાજકોટ,

લોકસભા સમાન્યર ચૂંટણી અંતર્ગત દેશના વિવિધ વિસ્તારોમાં મતદાન કરવા લોકો જાગૃત બને તે માટે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અન્વસયે રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ કેળવવા માટે 'સ્વી.પ' અંતર્ગત પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં મુસાફરોની ફલાઈટને લગતી માહિતી બતાવતી ફલાઈટ ઈન્ફોર્મેશન ડિસ્લે સીસ્ટમ પર ચૂંટણી સંબંધિત 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' વિડીયો બતાવવાના નવતર અભિગમથી મુસાફરોને મતદાન કરવા પ્રેરિત કરાયા હતા.

# રાજકોટ મનપા સ્વચ્છ સર્વેક્ષણનો વર્કશોપ યોજાયો



રાજકોટ,

મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત તા:-૧૨ના મનપા ઓફીસ ખાતે રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓ ગોંડલ, જેતપુર/નવાગઢ, ધોરાજી, ભાયાવદર, જસદણ, ઉપલેટાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અંતર્ગત વિવિધ પેરામીટર જેવા કે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વિગેરે અંગે જાણકારી આપવામાં આવી.

આ વર્કશોપ/સેમિનાર દ્વારા ઝીરો વેસ્ટિ ઈવેન્ટ બનાવવામાં આવી હતી. ઉપરોક્તિ ઈવેન્ટમાં કોઈ પણ પ્રકારની પાણીની પ્લાસ્ટિરકની બોટલનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો. પાણી કાચના ગ્લાટમાં આપવામાં આવેલ. આ વર્કશોપમાં સુકા અને ભીના કચરા માટે અલગ અલગ ડસ્ટ બીન રાખવામાં આવેલ.

ઉપરોક્ત વર્કશોપ/સેમિનારમાં રીજનલ કમિશનર મ્યુનિસીપાલીટી સ્વપ્નિલ ખરે, નગરપાલીકાના ચીફ ઓફીસર, એસ.આઈ, સીટી મેનેજર, સિટી મેનેજર, મહાનગરપાલિકાના સહાયક કમિશનર એસ. જે. ધ્રુક, પર્યાવરણ ઈજનેર નિલેશ પરમાર, તમામ નાયબ પર્યાવરણ ઈજનેર, તમામ મદદનીશ પર્યાવરણ ઈજનેર, સેનિટેશન ઓફિસર ઉપસ્થિત રહયા હતા.

# બ્રહમસમાજના અગ્રણી દર્શિતભાઈ જાનીના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતભાઈ રૂપાલા

## બ્રહમસમાજના વિવિધ અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા

રાજકોટ

શહેરના પુષ્કર ધામ ખાતે સમસ્ત બ્રહમસમાજના અગ્રણી દર્શિતભાઈ જાનીના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ધ્વારા સૌજન્ય મુલાકાત યોજાઈ હતી. આ તકે દર્શિતભાઈ જાની તેમજ પરિવારના સભ્યો પુર્વીબેન જાની, નિરેનભાઈ જાનીએ પરશોતભાઈ રૂપાલાનું ઉષ્માસભર સ્વાગત કર્યુ હતુ. આ તકે જાની પરિવાર તરફથી રૂપાલાજીને ભગવાનશ્રી પરશુરામજીની ફરસી સ્મૃચિ ચિહન રૂપે અર્પણ કરવામાં આવી હતી. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ, ભાજપ અગ્રણીઓ કશ્યપભાઈ શુકલ, જીતુભાઈ મહેતા, કિરીટભાઈ પાઠક, મનીષભાઈ માદેકા, દિનેશભાઈ પંડયા, હેલીબેન ત્રિવેદી, જતીનભાઈ ભરાડ, અતુલભાઈ પંડિત, જર્નાદનભાઈ આચાર્ય, પી.સી. વ્યાસ, દીપકભાઈ પંડયા, નલીનભાઈ જોશી, અતુલભાઈ વ્યાસ, વિપુલભાઈ શુકલ, સંદીપભાઈ મહેતા, બ્રિજેશભાઈ



મહેતા, મનનભાઈ જોશી, બંકિમભાઈ મહેતા, સંજયભાઈ દવે, મિહીરભાઈ જોશી, કલ્પેશભાઈ જાની, કિશોરભાઈ જાની, મુકેશભાઈ વ્યાસ સહીતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટની દર્શન યુનિવર્સિટી દ્વારા ઓપન સૌરાષ્ટ્ર ડેફેટર કપ ટુર્નામેન્ટ યોજાઇ



રાજકોટ,

રાજકોર્ટની દર્શન યુનિવર્સિટી દ્વારા આયોજીત 'ઓપન સૌરાષ્ટ્ર અન્ડર ૧૯ ડેફેટર કપ : ૨૦૨૪' ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવેલું હતું. આ ટુર્નામિન્ટમાં ૩૧૫ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં વોલીબોલ રમતમાં 'સેવનસ્ટાર વોલીબોલ' સુરેન્દ્રનગરની ટીમ, કબડીમાં નોબલ સ્કૂલ ત્રંબાની ટીમ તથા ક્રિકેટ રમતમાં દર્શન યુનિવર્સિટી રાજકોટની ટીમ વિજેતા જાહેર કરાયેલ હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડન્ટંશ્રીના હસ્તે દરેક વિજેતા ટીમને રોકડ પુરસ્ક્ર તથા ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ હતા.

# બીએસએનએલ ડોટ પેન્શનનર્સ એશો.ની ડીસ્ટ્રીકટ કક્ષાની કોન્ફરન્સ યોજાઇ

રાજકોટ,

ઓલ ઈન્ડી યા બીએસએનએલ ડોટ પેન્શનર્સ એશોસીએશન ગુજરાત સર્કલની અમરેલી ડીસ્ટ્રીકટ કોન્ફ્રન્સમાં સર્કલ સેક્રેટરી સેન્ટ્ર લ હેડ કવાર્ટરના વાઈસ પ્રેસિડેન્ટમ શ્રી મનુભાઇ ચનિયારા કે.આર. જોશી, ગુજરાત સંગઠન મંત્રી આર. રામાણી, જે.સી.પટેલ, જે.એમ.રાદડીયા, વિગેરે આગેવાનો અને અધિકારી ઉપસ્થિુત રહેલ. આર.બી. મારૂ ડીસ્ટ્રીકટ પ્રેસિડેન્ટે તથા કુ. એ.જે. દવેની ડીસ્ટ્રીાકટ સેક્રેટરી, શ્રી કે.આર. જોશીને ડીસ્ટ્રીરકટ ટ્રેઝરર તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. રાજકોટ ડીસ્ટ્રીવકટ યોજાયેલ ડીસ્ટ્રીકટ કોન્ફરન્સ યોજાવવામાં આવેલ જેમાં શ્રી મનુભાઇ ચનિયારા, શ્રી એમ.જી.હુંમર, સર્કલ વાઈસ પ્રેસિડેન્ટ્ તથા શ્રી એ.કે. હિન્ડોચા ડીસ્ટ્રી કટ સેક્રેટરી શ્રીમતી એલ. ડી. સાવલિયા ડીસ્ટ્રી કટ ટ્રેઝરર તરીકે રાજકોટ ડીસ્ટ્રી કટ માટે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

ઓલ ઈન્ડિયા બીએસએનએલ ડોટ પેન્શનર્સ એસોસીએશન ચોથી ગુજરાત સર્કલ કોન્ફકરન્સ તા.૧૬-૧૭ એપ્રિલના રોજ ઉંઝા ખાતે કરવા આવેલ હોવાનું અને ગુજરાતની દરેક બ્રાંચના ડેલીગેટ તથા ઓબ્સનર્વર જોડાવા અંગે ના સેન્ટ્રેલ હેડ કવાર્ટરના વાઈસ પ્રેસિડેન્ટ તથા ગુજરાત સર્કલ સેક્રેટરી શ્રી મનુભાઇ ચનિયારાએ જણાવેલ છે.

# શ્રી નટેશ્વર મહાદેવ મંદિરના સત્સંગ હોલનો રૂા.૧.૫૦ કરોડના ખર્ચે જીર્ણોધ્ધાર કરાશે

## મંદિરના જીર્ણોધ્ધાર ખાતમુર્હુત પ્રસંગે અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેતા પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ

શહેરના ૮૦ ફુટ રોડ પર આવેલ કોઠારીયા કોલોની સ્થિત ૮૦ વર્ષ જુના શ્રી નટેશ્વર મહાદેવ મંદિર સહિત સત્સંગ હોલનો અંદાજે રૂા.૧.૫૦ કરોડના ખર્ચે દાતાઓના આર્થિક સહયોગથી જીર્ણોધ્ધાર કરવામાં આવશે.

આ જીર્ણોધ્ધાર ખાતમુર્હુતનો કાર્યક્રમ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના અતિથિવિશેષ પદે યોજવામાં આવેલ. આ તકે મુંજકાના આર્ષ વિદ્યામંદિર સંતશ્રી પરમાત્માનંદજીના હસ્તે ખાતેમુર્હુત કરવામાં આવેલ.

આ વિસ્તારના અગ્રણી શ્રી સુરુભા જાડેજા અને મનોજભાઈ મારૂ એરુઆ બારામાં વિશેષ માહિતી આપતા જણાવ્યા હતું કે આ ૮૦ વર્ષ જુના પૌરાણિક શ્રી નટેશ્વર મહાદેવ મંદિર પ્રપ્રવર્તમાન જરૂરિયાત પ્રપ્રમાણે અને મંદિર સાથે જોડાયેલા અને નાગરીક ને વધુ સગવડો અને સુવિધાઓ પ્રપ્રાપ્ત થાય તે માટે આ વિસ્તારના નાગરીક અને ભકતતજનો ના આર્થિક સહયોગ થી શ્રી નટેશ્વર મહાદેવ મંદિર અને અન્ય સાત(૭) મંદિર જીજીર્ણોધ્ધાર કરવાનો નર્ણયિ કરવામાં આવ્યો છે.



# જામનગરમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટિલના બુથ પ્રમુખ સંમેલનમાં પોલીસનો સજ્જડ બંદોબસ્ત



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજાઇ રહ્યા છે, જે કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના ભાઈઓ બહેનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે, અને રાજકોટમાં લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમભાઈ રૂપાલએ આપેલા એક નિવેદનનો સૌરાષ્ટ્ર ભરમાં વિરોધ વંટોળ જોવા મળી રહ્યો છે.

જે વિરોધની વચ્ચે આજે જામનગરના ઓસવાળ સેન્ટરમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ નો પ્રવાસ કાર્યક્રમ યોજાયો છે. જામનગર શહેરના બૂથ લેવલ સહિતના કાર્યકર્તાઓને સંબોધન કરવા માટે જામનગરના ઓસવાળ સેન્ટરમાં એક સંમેલન રાખવામાં આવ્યું છે, અને તેમાં ભાજપના તમામ કાર્યકરો હાજર રહ્યા છે.

ત્યારે આ કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ દ્વારા કોઈ વિરોધ પ્રદર્શન કરવામાં ન આવે, તેની પોલીસ તંત્ર દ્વારા પૂરી તકેદારી રાખવામાં આવી છે, અને સમગ્ર ઓસવાળ સેન્ટર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે. ખુદ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ કાર્યક્રમના સ્થળે હાજર રહ્યા છે, અને તેઓની રાહબરી હેઠળ વિશાળ પોલીસ કાફલા દ્વારા સમગ્ર કાર્યક્રમ પર બાજ નજર રાખવામાં આવી રહી છે. પ્રત્યેક કાર્યકર્તાઓને અંદર પ્રવેશવા માટે બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. ઓસ્વાળ સેન્ટરના તમામ પ્રવેશ દ્વાર પર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે, તેમજ કાર્યક્રમના મુખ્ય સ્થળના પ્રવેશદ્વારમાં આવનારા પ્રત્યેક કાર્યકર્તાઓનું ચેકિંગ કરીને ત્યારબાદ જ અંદર જવા દેવામાં આવી રહ્યા છે.

જામનગરમાં આયોજિત કાર્યક્રમમાં કોઈ વિરોધ પ્રદર્શન ન થાય, અથવા કોઈ અનિચ્છનીય ઘટના ન બને, તે માટે પોલીસતંત્ર દ્વારા સંપૂર્ણપણે તકેદારી રાખવામાં આવી છે.

# જામનગર નજીક બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન હારજીત મામલે બે ટીમના ખેલાડીઓ વચ્ચે તકરાર

## વિજેતા ટીમના ત્રણ ખેલાડીઓ પર પરાજિત ટીમના ચાર ખેલાડીઓએ બેટ વડે હુમલો કર્યો : તમામની અટકાયત

જામનગર : જામનગર નજીક ખંભાળીયા બાયપાસ રોડ પર બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન બે ટીમના ખેલાડીઓ વચ્ચે હારજીતના પ્રશ્ને ડખો થયો હતો, અને પરાજીત થયેલી ટીમના ચાર ખેલાડીઓએ વિજયનો જશ્ન મનાવી રહેલા વિજેતા ટીમના ત્રણ ખેલાડીઓ ઉપર બેટ વડે હુમલો કરી દીધાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે, પોલીસે ચારેય હુમલાખોર ની અટકાયત કરી લઈ હુમલામાં વપરાયેલું બેટ કબજે કર્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં વૃંદાવન પાર્કમાં રહેતો હિતેશ ગોવિંદભાઈ મેઘરાજાણી નામનો વેપારી યુવાન પોતાના ભાઈ પ્રતિક મેઘરાજાણી અને પિતરાઈ ભાઈ હેરી મેઘરાજાણી તથા અન્ય ખેલાડીઓ સાથે બોક્સ ક્રિકેટ રમવા માટે ગયા હતા, અને જામનગર-ખંભાળિયા બાયપાસ રોડ પર ડગ આઉટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં તેઓએ જામનગરના દિવ્યેશભાઈ વધવા અને પીન્ટુ પંડ્યા સહિતના ખેલાડીઓની ટીમ સાથેનો મેચ રાખ્યો હતો. જેમાં હિતેશ મેઘરાજાણીની ટીમ વિજેતા બની હતી, અને તેઓએ પોતાની જીતનો જશ્ન મનાવવાનું શરૂ કર્યું હતું. દરમિયાન પરાજિત થયેલી ટીમના દિવ્યેશ વધવા, પીન્ટુ પંડ્યા, અને તેના અન્ય બે સાથી ખેલાડીઓએ મન દુઃખ રાખીને હંગામો મચાવ્યો હતો, અને ત્રણેય ભાઈઓ પર બેટ વડે હુમલો કરી દીધો હતો. જેથી ત્રણેય ઈજાગ્રસ્તોને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવી પડી હતી.

બાદમાં તેઓએ પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં હુમલા અંગેની ફરિયાદ નોંધાવતાં એએસઆઈ એમએલ જાડેજાએ ચારેય હુમલાખોર આરોપીઓની અટકાયત કરી અને તેઓ પાસેથી હુમલામાં વપરાયેલું બેટ કબજે કર્યું છે.

# જામનગર-રાજકોટ માર્ગે શેખપાટ નજીક રઝળતા ખૂંટીયાએ વધુ એક માનવ જીંદગીનો ભોગ લીધી

## શેખપાટના પાટીયા પાસે બાઈકની આડે ખૂંટિયો આવી ચઢતાં ચાલક વૃદ્ધનું મૃત્યુ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર - રાજકોટ ધોરી શેખપાટ ગામના પાટીયા નજીક ગઈકાલે રાત્રે જાહેરમાં રસ્તે રઝળતા એક ખૂંટીયાએ માનવ જિંદગીનો ભોગ લીધો છે. રસ્તામાં બાઈક ચાલકને આડે ખૂટિયો ઉતરતાં અકસ્માત થયો હતો. જેમાં ગંભીર ઈજા પામનાર બાઈક ચાલકનું મૃત્યુ થયું હતું.

જામનગર શહેર-જિલ્લામાં રસ્તે રઝળતા ઢોરનો ત્રાસ યથાવત રહ્યો છે. પરિણામે સમયાંતરે રખડતા ઢોરને કારણે વાહન અકસ્માતો થઈ રહ્યા છે. અને તેમાં મૃત્યુ પામવાના બનાવો પણ વધી રહ્યા છે. ગઈકાલે આવા જ એક બનાવમાં બાઈક ચાલક વૃદ્ધનું મૃત્યુ થયું હતું. જામનગર-રાજકોટ માર્ગે શેખપાટ ગામના પાટિયા પાસેથી દિનેશભાઈ ટંકારીયા નામના બુઝુર્ગ બાઈક લઈને પસાર થતા હતા, ત્યારે અચાનક રસ્તામાં ખૂટ્યો આડો ઉતરતાં તેમને અકસ્માત નડ્યો હતો. આ બનાવમા તેઓને ગંભીર ઈજા થવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો દોડી ગયો હતો અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં આશીર્વાદ જ્વેલર્સમાં કામ કરતાં કર્મચારીએ રૂા. ૪.૩૯ લાખના સોનાની કરી ચોરી

## આરોપીની અટકાયત દરમ્યાન છ મહિનામાં કટકે કટકે ચોરી કર્યાની કબૂલાત

જામનગર : જામનગરમાં મેહુલ નગર વિસ્તારમાં આવેલા એક સોના ચાંદીના શોરૂમમાં કામ કરતા કર્મચારીએ છ મહિનાના સમયગાળા દરમિયાન માલિકની નજર ચૂકવીને અંદાજે ૪.૩૯ લાખનું સોનુ ચોરી કરી લીધું હતું. દુકાનમાં સોનું ઓછું થયું હોવાનું માલુમ પડતા કર્મચારીની ઉલટ તપાસ દરમિયાન ચોરી થઈ ગયાનો મામલો સામે આવ્યો હતો અને પોલીસ ફરિયાદ નોંધાવાતાં પોલીસે કર્મચારીની અટકાયત કરી લઈ તેણે સંતાડેલું તમામ ચોરાઉ સોનુ કબ્જે કરી લીધું છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે, જામનગરમાં મહાવીર પાર્ક સોસાયટીમાં રહેતા અને મેહુલનગર વિસ્તારમાં આશીર્વાદ જ્વેલર્સ નામનો સોના-ચાંદીના ઘરેણાનો શોરૂમ ધરાવતા ભવ્યભાઈ રસિકભાઈ પાલાએ પોતાના શો રૂમમાંથી છેલ્લા છ મહિનાના સમયગાળા દરમિયાન કટકે કટકે ૪,૩૯,૮૫૦ની કિંમતના જુદા જુદા વજનના સોનાના ઘરેણાની ચોરી થઈ ગયાની ફરિયાદ નોંધાવી છે. જે સોનુ ચોરી જવા અંગે પોતાની દુકાનમાં કામ કરતા પ્રતીક અશોકભાઈ કુબાવત સામે ફરિયાદ નોંધાવી છે.

જે ફરિયાદના અનુસંધાને સીટી સી. ડિવિઝનના પી. એસ. આઇ. એમ. વી. દવે આરોપી પ્રતિક કુબાવતની અટકાયત કરી લીધી છે અને તેણે સંતાડેલું તમામ ચોરાઉ સોનું કબજે કરી લીધું છે. છેલ્લા છ મહિનાના સમયગાળા દરમિયાન આરોપી પ્રતિક કુબાવત સોનાની ચોરી કરી જતો હતો. વેપારીને ગણતરી દરમિયાન સોનામાં ઘટ આવતાં તેણે પ્રતિક કુબાવતની ઉલટ તપાસ કરી હતી અને તેણે સોનાના દાગીના ચોરી લીધા હોવાનું ધ્યાનમાં આવતાં પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસ દ્વારા આરોપીની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવાઈ રહી છે.

# ભાણવડ તાલુકાના મેવાસા ગામે આધેડ પર કૌટુંબિક મહિલા સહિત ત્રણનો હુમલો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના મેવાસા ગામે રહેતા એક આધેડ પર જમીનમાંથી થઈને નીકળવાના પ્રશ્ને બબાલ થયા પછી કૌટુંબિક મહિલા સહિત ૩ શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

ભાણવડ તાલુકાના મેવાસા ગામે રહેતા કરસનભાઈ રણમલભાઈ ભીંભા ગામના ૫૦ વર્ષના આહીર આધેડના ખેતરે જવા માટેનો રસ્તો આરોપી મુકેશ હમીરભાઈ ભીંભાની જમીનમાં થઈને નીકળતો હોવાથી આ બાબતે ફરિયાદી કરસનભાઈ તથા આરોપી મુકેશભાઈ વચ્ચે ઘણા સમયથી મન દુઃખ ચાલ્યું આવતું હતું. જે વચ્ચે ફરિયાદી કરસનભાઈનો પુત્ર તેમનું મોટરસાયકલ લઈ અને અહીંથી નીકળતા આરોપી કિશન હમીરભાઈ ભીંભા તથા ગીતાબેન કિશોરભાઈ ભીંભાએ તેમની સાથે ઝઘડો કર્યો હતો. આ અંગે ભાણવડ પોલીસને જાણ કરવા નીકળેલા કરસનભાઈ રણમલભાઈને ચાલુ મોટરસાયકલે આરોપી મુકેશએ લાકડાનો ધોકો ફટકારી અને અન્ય આરોપી કિશોરભાઈ તથા ગીતાબેને બેફામ માર મારી લોહી લુહાણ કરી મુક્યા હતા. આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદી કરસનભાઈના ગુપ્ત ભાગે પાટુ મારીને મૂઢ ઈજાઓ કર્યાની તથા બિભત્સ ગાળો કાઢી, જો તેઓ હવે આ રસ્તે ચાલ્યા તો જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસે દંપતિ સહિત તમામ ત્રણ આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ યોજાયા


તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : આજરોજ દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યા હતા. સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન - આરતી સમયે દ્વારકાધીશના પરમભકત પરિવાર દ્વારા વારાદાર પુજારી પરિવારના સહયોગથી ઠાકોરજીને ગુરૂવારના કેસરીયા વાઘા તેમજ રત્નાલંકાર તથા દેદિપ્યમાન શૃંગાર સાથે અન્નકૂટ મનોરથ દર્શન યોજાયા હતા. ઠાકોરજીના દિવ્ય દર્શનનો હજારો ઉપસ્થિત ભાવિકોએ તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતો આ દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર બન્યા હતા.

# જામનગરમાં મકાન વેચવા બાબતે માતા, બહેન અને ભાઈ-ભાભી પર હુમલો

## દંપતિ સહિત ૪ શખ્સો સામે હુમલો કર્યાની પોલીસમાં ફરિયાદ

જામનગર : જામનગર નજીકના દરેડ વિસ્તારમાં રહેતા કોળી પરિવાર વચ્ચે મકાનમાંથી સામાન કાઢવાના પ્રશ્ને ડખો થયો હતો, અને એક દંપત્તી સહિતના ચાર શખ્સોએ પોતાના જ માતા ભાઈ ભાભી અને બહેન સહિત ચાર વ્યક્તિ પર હુમલો કરી દીધા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે. ઈજાગ્રસ્તોને જીજી હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે. આ હુમલાના બનાવની વિગત એવી છે કે જામનગરમાં નજીક ગોકુલધામ સોસાયટીમાં રહેતી જ્યોત્સનાબેન જગદીશભાઈ લીંબડ નામની ૩૮ વર્ષની મહિલાએ પોતાના ઉપર તેમજ પોતાના પતિ જગદીશભાઈ ઉપરાંત પોતાના સાસુ અને નણંદ સહિત ચાર વ્યક્તિ પર લોખંડના પાઈપ, કપડાં ધોવાના ધોકા વગેરે વડે હુમલો કરી દઈ ઈજા પહોંચાડવા અંગે પોતાના દિયર ડોલર મંગાભાઈ તેની પત્ની ક્રિષ્નાબેન તેમજ ક્રિષ્નાબેનના પરિવારના જ્યોતનાબેન ખોડુભાઈ રાંધલપરા અને યોગેશ ખોડુભાઈ રાંદલપરા સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી જે મકાનમાં રહેતા હતા, તે મકાન વેચી નાખ્યું હતું, જે આરોપી ડોલરે ખરીદ કર્યું હતું, અને તેમાં જોસના બેન વગેરેનો સામાન પડેલો હતો. જે સામાન કાઢવા જતાં ઉપરોક્ત તમામ આરોપીઓ ઉસકેરાઈ ગયા હતા, અને પોતાના જ ભાઈ-ભાભી- માતા- બહેન વગેરે પર હુમલો કરી દીધો હતો. જે ઈજાગ્રસ્તોને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં જ્યોત્સનાબેનને માથામાં ટાંકા લેવા પડ્યા છે. આ બનાવ મામલે સીટીસી ડિવિઝનનો પોલીસ સ્ટાફ વધુ તપાસ ચલાવે છે.

# લાલપુરના વિજયપુર ગામેં વીજ આંચકો લાગતા ખેડૂતનું મોત નીપજ્યું

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના વિજયપુર ગામેં એક ખેડૂતને પોતાની વાડીમાં એકાએક વિજ આંચકો લાગ્યો હોવાથી તેનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે લાલપુરના વિજયપુર ગામમાં રહેતા અને ખેતીકામ કરતા પોલાભાઈ મુરુભાઈ ભાદરકા નામના ૫૦ વર્ષના ખેડૂતને પોતાની વાડીમાં ટ્રાન્સફોર્મરની બાજુમાં આવેલી પાણીની મોટર ચાલુ કરવા જતાં સ્ટાર્ટરમાંથી તેને એકાએક વિજ આંચકો લાગ્યો હતો અને દાઝી જતાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું છે. આ બનાવ અંગે મૃતકના પુત્ર લખમણભાઈ પોલાભાઈ ભાદરકાએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવી અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર શહેરના બેડેશ્વરમાં સરકારી અનાજના ગોડાઉનમાં ચેકિંગ કરવા ગાંધીનગરથી ટીમ ત્રાટકી

## અચાનક સરકારી ગોડાઉનમાં ગાંધીનગરથી ચેકિંગ આવતાં દોડધામ મચી


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગરમાં બેડેશ્વર વિસ્તારમાં આવેલ સરકારી અનાજના ગોડાઉનમાં ગાંધીનગરથી સચિવની ટીમ ત્રાટકી છે. છેલ્લા બે દિવસથી સરકારી અનાજના ગોડાઉનમાં ચેકિંગ ચાલી રહયું છે. સરકારી અનાજમાં ગોલમાલ થતી હોય તેને લઈ આ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળી રહયું છે. હાલ ચેકિંગ ચાલુ હોય વધુ વિગત મેળવાઈ રહી છે. જો કે, એકાએક ગાંધીનગરથી સચિવની ટીમ જામનગર તપાસઅર્થે આવી પહોંચતા હાલ તો દોડધામ મચી ગઈ છે.

# ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે માથાના દુખાવાથી કંટાળી તરૂણીનો આપઘાત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે રહેતી એક તરૂણીએ માથાના દુખાવાથી કંટાળી જઈ તેણીએ પોતાને ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

ભાણવડ તાબેના રૂપામોરા ગામે રહેતા રાજાકભાઈ રાણાભાઈ કાંટેલીયાની ૧૬ વર્ષની તરુણ પુત્રી રિયાને છેલ્લા ચાર-પાંચ માસથી માથાનો દુઃખાવો રહેતો હોય અને તેણીને તડકો લાગવાના કારણે તેમજ ઉંચા અવાજના કારણે માથામાં દુ:ખાવો થતો હોવાથી આ બાબતના લીધે કંટાળી જઈને તેણીએ ગઈકાલે ગુરુવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે અંગેની જાણ રાજાકભાઈ રાણાભાઈ કાંટેલીયાએ ભાણવડ પોલીસને કરી છે.

# કલ્યાણપુરના મેઘપર ટીટોડી ગામે અકળ કારણોસર મહિલાએ જીવન ટૂંકાવ્યું

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામે રહેતી એક મહિલાએ કોઈપણ કારણોસર પોતાને ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામે રહેતા જાનાબેન ડાડુભાઈ છૂછર નામના ૪૫ વર્ષના મહિલાએ ગઈકાલે ગુરુવારે સવારના સમયે પોતાના રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જે અંગેની જાણ મૃતકના પતિ ડાડુભાઈ દેવશીભાઈ છૂછરએ કલ્યાણપુર પોલીસને કરી છે.

# જામનગર શહેરમાં વૃદ્ધ મહિલાનો અગ્નિ અકસ્માતમાં ભોગ લેવાયો

જામનગર : જામનગરમાં શંકર ટેકરી નહેરુ નગર વિસ્તારમાં રહેતા એક વૃદ્ધ દલિત મહિલા પોતાના ઘેર કોઈ કારણસર દાઝી ગયા હતા, અને તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકટ ટેકરી નહેરુનગર શેરી નંબર સી. માં રહેતા બાયાબેન જીવાભાઈ વારસૂર નામના ૭૦ વર્ષના બુઝુર્ગ મહિલા કે જેઓ ગઈકાલે પોતાના ઘેર આખા શરીરે દાજી ગયા હતા, અને તેઓને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તે પહેલા તેઓનું મૃત્યુ નીપજયું હોવાનું જાહેર કરાયું હતું.

આ બનાવ અંગે મૃતકના સંબંધી ગોપાલભાઈ રામજીભાઈ વારસુરે પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝન પોલીસે મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં પ્રથમ દિવસે જ ૧૫૦થી વધુ ફોર્મ ઉપાડયા

## કોંગ્રેસમાંથી ધાનાણીનું ફોર્મ ઉપડ્યું, : ભાજપના ઉમેદવાર ૧૬મી એપ્રિલે અને કોંગ્રેસના ઉમેદવાર ૧૮મી એપ્રિલે ઉમેદવારી પત્રક રજૂ કરે તેવા નિર્દેશો મળી રહ્યાં છે

રાજકોટ,

લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ ગુજરાતમાં ત્રીજા તબક્કામાં મતદાનનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આજે ચૂંટણી પંચ દ્વાર જાહેરનામું બહાર પાડતાની સાથે જ કલેકટર કચેરીએ ઉમેદવારી પત્રક લેવા માટે ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. પ્રથમ દિવસે ભાજપ, કોંગ્રેસ, બસપા અને પક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પત્રક માટેનું ફોર્મ ઉપાડયું હતું અને સંભવિત સોમવાર અથવા મંગળવારે અપક્ષો ફોર્મ ભરશે તેમ જાણવા મળેલ છે. જયારે ભાજપના ઉમેદવાર ૧૬મી એપ્રિલે અને કોંગ્રેસના ઉમેદવાર ૧૮મી એપ્રિલે ઉમેદવારી પત્રક રજૂ કરે તેવા નિર્દેશો મળી રહ્યાં છે.

લોકસભાની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે ગુજરાતની ૨૬ બેઠકની ચૂંટણી માટે આજે ચૂંટણી પંચ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ હતું. આ જાહેરનામુ બહાર પડતાની સાથે જ રાજય ભરની તમામ કલેકટર કચેરીઓમાંથી ઉમેદવારી પત્રકના ફોર્મ ઉપાડવાની શરૂઆત થઈ છે જેમાં રાજકોટની કલેકટર કચેરીએ સવારથી જ ઉમેદવારી પત્રકના ફોર્મ ઉપાડવા માટે ભારે ધસારો જોવા મળ્યો છે.





ભાજપ દ્વારા ૨૦ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતાં. જેમાં ઉમેદવાર પરસોત્તમ રૂપાલા, ડમી ઉમેદવાર મોહનભાઈ કુંડારીયા, કિરીટભાઈ પાઠક, મયુરભાઈ ભટ્ટ અને માધવ દવેના નામે ફોર્મ લેવામાં આવ્યા હતાં. જયારે કોંગ્રેસ દ્વારા ૧૨ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતાં. જેમાં ઉમેદવાર પરેશ ધાનાણી, હિતેશભાઈ વોરા, અને હેમાંગ વસાવડાના નામે ફોર્મ લેવામાં આવ્યા છે. જયારે બહુજન સમાજ પાર્ટી દ્વારા ૨૦ ફોર્મ ઉપાડવામાં આવ્યા છે. જેમાં દેવેનભાઈ બેડવા, પ્રકાશભાઈ સિંધવા, ચમનભાઈ સવસાણી ફોર્મ લેવા આવ્યા હતાં. જયારે સીપીઆઈમાંથી નરેન્દ્રભાઈ મહાજને ફોર્મ ઉપાડયું હતું.

પક્ષના હોદ્દેદારોની સાથે અપક્ષ ઉમેદવારોએ પણ ફોર્મ ઉપાડવા માટે લાઈનો લગાવી હતી. દરેક ઉમેદવાર ચાર ચાર ફોર્મ ઉપાડતો હતો જેના કારણે પ્રથમ દિવસે જ ૧૦૦થી વધુ ફોર્મનું વિતરણ થઈ ગયું છે અને હજુ સાંજ સુધીમાં ફોર્મ ઉપાડવાની પ્રક્રિયા ચાલુ રહેશે.

લોકસભાના ઉમેદવારે ફોર્મ ભરતી વખતે આધારપુરાવા રજૂ કરવા પડશે જેનું લીસ્ટ પણ ફોર્મ ની સાથે આપવામાં આવે છે આ ઉપરાંત મિલકત અંગેનું સોગંદનામુ કરવાનું રહેશે. તેમજ જે વિસ્તારના મતદાર હોય તે વિસ્તારનાં મામલતદાર પાસેથી મતદાર યાદીનો ક્રમાંક સાથેનો દાખલો, નામ સરનામા, સ્ટેમ્પ સાઈઝનો સફેદ બ્રેકગ્રાઉન્ડ વાળો ફોટો, ગુના હોય કે સજા થયેલ હોય તેની માહિતી આપવાની રહેશે અને તેનું સોગંદનામું પણ રજૂ કરવાનું રહેશે. ભારત સરકાર કે રાજ્ય સરકારમાં કોઈ લાભનું પદ ધરાવતાં હોય તો તેની પણ માહિતી આપવાની રહેશે. આ સાથે ૨૫૦૦૦ ડિપોઝીટ અને ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર સોગંદનામું રજૂ કરવાનું રહેશે. પાસપોર્ટ સાઈઝના પાંચ ફોટોની પાછળ ઉમેદવારનું નામ લખવાનું રહેશે. રેશનકાર્ડ, આધારકાર્ડ, સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ, ચૂંટણી કાર્ડ અને અભ્યાસના દાખલાઓ પણ રજૂ કરવાના રહેશે.

### પરેશ ધાનાણી ૧૮મીએ ઉમેદવારીપત્રક ભરશે

લોકસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ રાજકીય પક્ષોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે ત્યારે આજે પ્રથમ દિવસે જ કલેકટર કચેરીમાંથી ઉમેદવારીપત્રકના ફોર્મ ટપોટપ ઉપડી ગયા છે જેમાં ભાજપ દ્વારા ૨૦ ફોર્મ ઉપાડવામાં આવ્યા હતા અને કોંગ્રેસ દ્વારા ૧૨ ફોર્મ ઉપાડવામાં આવ્યા છે. જેમાં કોંગ્રેસના આગેવાને માહિતી આપતાં જણાવ્યું હતું કે રાજકોટ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી આગામી તા.૧૮મી એપ્રિલે પોતાનું ઉમેદવારીપત્રક રજૂ કરશે પરેશ ધાનાણીની સાથે કોંગ્રેસના આગેવાન હિતેશભાઈ વોરા અને ડો.હેમાંગ વસાવડા ડમી ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્રક રજૂ કરશે.

# રાજકોટમાં સસ્તામાં આઈફોનની જાહેરાત ફેસબૂકમાં પોસ્ટ કરી રૂપિયાનો તોડ કરનાર સુત્રાપાડાનો શખ્સ પકડાયો

## રાજકોટ, વાંકાનેર, હળવદ, સુરત સહિતના ૮ ગુના પોપટ બની કબૂલ્યા : રિમાન્ડની તજવીજ

રાજકોટ,

ફેસબૂક પર ખોટી આઈડી બનાવી સસ્તા ભાવે મોબાઈલ ફોન વેંચવાની જાહેરાત મુકી લોકો સાથે સાયબર ફ્રોડ કરતાં મુળ સુરતના અને હાલ ગીર સોમનાથના સુત્રાપાડાના વાસાવડ ગામે રહેતાં બહુનામધારી શખ્સ જયેશ ઉર્ફ જયદિપ ઉર્ફ ડેવીલ ઉર્ફ જયુ વિઠ્ઠલભાઈ ઝાલા (ઉ.વ.૨૨)ને થોરાળા પોલીસે ચુનારાવાડ ચોકમાંથી દબોચી લીધો છે. આ શખ્સે પરમદિવસે જ તાલુકા પોલીસમાં નોંધાયેલા સસ્તામાં આઈફોન પ્રો-૧૩ના નામે ઠગાઈનો ગુનો અને સુરતમાં પણ આ પ્રકારે ઠગાઈના ગુનાની કબુલાત આપી છે. આ ઉપરાંત હળવદ, રાજકોટ, વાંકાનેર, સુરતના મળી વધુ પાંચ ઠગાઈના ગુના કબલતાં કુલ ૮ ગુનાનો ભેદ ખુલ્યો છે.

જાણવા મળ્યા મુજબ થોરાળા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ડી. સ્ટાફ પીએસઆઈ એમ. એસ. મહેશ્વરી, એએસઆઈ હિતેન્દ્રસિંહ એમ. ઝાલા, કોન્સ. જયરાજભાઈ કોટીલાને બાતમી મળી હતી કે ફેસબૂક પર નકલી આઈડી બનાવી એપલ



સહિતના મોંઘાદાટ ફોન સસ્તામાં આપવાની જાહેરાત મુકી લોકો પાસે ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરાવડાવી બાદમાં ફ્રોડ કરતો જયેશ ઉર્ફ જયદિપ ઉર્ફ ડેવીલ ઉર્ફ જયુ વિઠ્ઠલભાઈ ઝાલાનો પકડી પાડી પૂછપરછમાં અગાઉ રાજકોટ ભકિતનગરમાં એટીએમ તોડવાના પ્રયાસમાં, એ-ડિવીઝનમાં ફ્રોડ તથા ચોરીના ગુનામાં હોવાની કબુલાત આપી હતી કે પોતે ફેસબૂક પર નકલી આઈડી બનાવી તેમાં સસ્તામાં આઈફોન આપવાની જાહેરાત મુકે છે. આ રીતે તેણે રાજકોટ,વાંકાનેર સીટી, સુરત સહિત કુલ ૮ ગુના ઉકેલાયા હતાં.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાદવની સુચના અંતર્ગત પીઆઈ એન. જી. વાઘેલા, પીએસઆઈ એમ. એસ. મહેશ્વરી, એએસઆઈ હિતેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. ભરતસિંહ પરમાર, ભરતભાઈ ડાભી, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, જયરાજભાઈ કોટીલા, દિનેશભાઈ વાળા, રાકેશભાઈ બાલાસરા અને નિલેશભાઈ ગઢાદરાએ આ કામગીરી કરી હતી.

# રાજકોટની સોમનાથ સોસાયટીમાં યુવાન પર છરી - કાતરથી જીવલેણ હુમલો

રાજકોટ,

રાજકોટના રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસુ સોમનાથ સોસાયટીમાં સાંજે છરી કાતરથી મારામારી થતાં બે યુવાન ઘાયલ થયા હતાં. એક યુવાનની પત્નિસ છુટાછેડા લઈ જતી રહી હોઈ તેના દિકરાને પડોશીએ તારી મમ્મીર ભાગી ગઈ...એવા વેણ કહેતાં આ યુવાને આવુ બોલવાની ના પાડતાં તેને છરી ઝીંકાઈ હતી. તેણે કાતરથી વળતો ઘા કરી છરી ઝીંકનારને ઈજા પહોંચાડી હતી.

જાણવા મળ્યાા મુજબ સોમનાથ સોસાયટી-૩માં રહેતો અને મજુરી કામ કરતો નિશાંત ચીમનભાઈ મારૂ (ઉ.વ.૩૫) ઘર પાસે હતો સુપર હેર આર્ટ નામની દુકાન પાસે હતો ત્યાોરે પડોશી બીટુ ઉર્ફ અજય



ઉર્ફ હાર્દિક ચોહાણે ઝઘડો કરી છરીથી હુમલો કરી પેટમાં ઘા મારી દેતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિતટલમાં ખસેડાયો હતો.

સામા પક્ષે બીટુ ઉર્ફ અજય મુકેશભાઈ ચૌહાણ (ઉ.વ.૩૧) પણ પોતાને સુપર હેર આર્ટ પાસે નિશાંતે કાતર ઝીંકી દીધાની રાવ સાથે હોસ્પિ ટલમાં દાખલ થયો હતો. તે સારવાર બાદ રજા લઈ જતો રહ્યો હતો. ગંભીર ઈજા પામનાર નિશાંતે હોસ્પિલટલના બિછાનેથી જણાવ્યુ હતું કે મારી પત્નિં છુટાછેડા લઈને જતી રહી છે. દરમિયાન મારા આઠ વર્ષના દિકરાને બીટુ ઉર્ફ અજય ઉર્ફ હાર્દિક પજવણી કરી તારી મમ્મીી ભાગી ગઈ...એવા વેણ કહેતો હોઈ મેં તેને છોકરા સામે આવુ બોલવાની ના પાડતાં ઉશ્કે રાઈ ગયો હતો અને મારા પર છરીથી હુમલો કરી દીધો હતો. વાળંદની દૂકાનમાંથી કાતર લઈ મેં પણ બચાવમાં પ્રહાર કર્યો હતો. હોસ્પિીટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નીકોલા સહિતે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી.

# રાજકોટમાં પાલતુ કૂતરાને ભગાડતા પિતા ઉપર પુત્ર-પુત્રવધૂનો હુમલો : ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરના આજીવસાહતમાં આવેલા આંબેડકરનગરમાં રહેતા પ્રૌઢ ઉપર પુત્ર-પુત્રવધુએ હુમલો કરી ઈજા કરી હતી. પાળેલુ કુતરૂ પલંગ ઉપર બેસી જતાં તેને ભગાડતા પુત્ર-પુત્રવધુએ ઝઘડી કરી હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત પ્રૌઢને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી પોલીસે આરોપી પુત્ર-પુત્રવધુ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ આજી વસાહત ૮૦ ફુટ રોડ પર આવેલા આંબેડકરનગરમાં રહેતા લાલજીભાઈ ભાણજીભાઈ ચાવડા (ઉ.વ.૫૭) નામના પ્રૌઢ ગઈ કાલે રાત્રે નવ વાગ્યાના અરસામાં કામેથી ઘરે આવ્યા ત્યારે પુત્ર-પુત્રવધુએ પળેલુ કુતરૂ તેના પલંગ ઉપર બેઠુ હતું. જેથી તેઓએ કુતરાને ભગાડતા પુત્રવધુ ગાળો આપવા લાગી હતી. બાદમાં પુત્ર અજય ઉર્ફે વિશાલ અને પુત્રવધુ દેવલે ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગ્યા હતા અને પુત્રએ તેને પકડી રાખી પુત્રવધુ દેવલે ઢીંકાપાટુનો માર મારી લોખંડની સાળાસીથી માથામાં ઘા ફટકાર્યા હતા. બાદમાં બંન્ને ત્યાંથી નાશી છૂટયા હતા. આ હુમલામાં ઘવાયેલા પ્રૌઢને ૧૦૮માં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે થોરાળા પોલીસે ઈજાગ્રસ્ત લાલજીભાઈ ચાવડાની ફરીયાદ પરથી પુત્ર અજય ઉર્ફે વિશાલ અને તેની પત્ની દેવલ અજય ચાવડા સામે ગુનો નોંધી હેડ કોન્સ.ભાવેશભાઈ વસવેલીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ગૌતમનગરમાં સાળા પર બનેવી સહિત બેનો છરીથી હુમલો

રાજકોટ,

રાજકોટના નાના મવા રોડ પર અક્ષર માર્ગ પાસે ગૌતમનગર-૪માં રહેતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં દિપક દિનેશભાઈ બાહુકીયા (ઉ.વ.૨૫)ને રાતે બારેક વાગ્યે ઘર પાસે હતો ત્યા રે તેના બનેવી મયુર સનુરા અને બનેવીના ભાઈ અલ્પેીશ સનુરાએ ઝઘડો કરી છરીથી હુમલો કરી ઘા મારી દેતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ?પિટલમાં ખસેડાયો હતો.

બનાવની જાણ હોસ્પિટલ



ચોકીના રામશીભાઈ વરૂ અને ધર્મેન્દ્ર ભાઈ હુદડે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. દિપકે જણાવ્યું હતું કે ૯મીએ મારા દિકરાનો જન્મી દિવસ હોઈ મારી બહેન ચેતનાબેન અને તેની દિકરી મારા ઘરે આવ્યામ હતાં. બર્થડેની ઉજવણી માટે મારી બહેન અને ભાણેજ બ્યુટી પાર્લરમાં તૈયાર થવા ગઈ હતી. આ વાતની જાણ બનેવી મયુરને થઈ જતાં તેણે ઝઘડો કર્યો હોઈ ત્યાીરથી મારી બહેન અને ભાણેજ મારા ઘરે જ હતી. આ બાબતનો ખાર રાખી બનેવી અને તેના ભાઈએ રાતે મારા ઘરે આવી ઝઘડો કરી ગાળો દઈ છરીથી હુમલો કરી દીધો હતો. માલવીયાનગર પોલીસ મથકના એએસઆઈ એ. જે. કાનગડે ગુનો દાખલ કર્યો હતો

# રાજકોટના ગંજીવાડાના વેપારી યુવાનનું હદય બેસી ગયું : મોત

રાજકોટ,

રાજકોટમાં : હ્રદય બંધ પડી જવાની વધુ એક ઘટના બની રહી છે ત્યારે વધુ એક ગંજીવાડા મહાકાળી ચોકમાં રહેતો હિતેષભાઈ જાદવભાઈ સરવૈયા (ઉ.વ.૩૭) નામનો યુવાન સવારે પાંચેક વાગ્યેં ઘરે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાંપી ગઈ હતી. હોસ્પિટટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ધર્મેન્દ્રભાઈ હુદડે થોરાળા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર હિતેષભાઈ કરિયાણાની દૂકાન ચલાવતો હતો.



તે ચાર બહેન અને બે ભાઈમાં નાનો હતો. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હાર્ટએટેકથી મૃત્યુ થયાનું પરિવારજનોએ કહ્યું હતું.

# આધાર કેન્દ્ર અને સીવીક સેન્ટરમાં સર્વરના ધાંધીયા : કરદાતાઓ હેરાન થયા

## બે દિવસની સરકારી રજા બાદ આજે લાંબી લાઈનો : વેરો ભરવામાં પણ સમય બગડયો : જન્મ-મરણના દાખલા કઢાવવા પણ અરજદારો કલાકો સુધી ઉભા રહ્યા

રાજકોટ,

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં આજે બે દિવસની રજા બાદ કામકાજ શરૂ થતા આધાર કેન્દ્ર અને નાગરિક સુવિધા કેન્દ્રમાં લોકોની લાઈન લાગી હતી. આજે સવારે બેક કલાક સુધી સર્વર ડાઉન રહેતા આધાર કાર્ડ ઉપરાંત વેરો ભરવા, જન્મ-મરણના દાખલા કાઢવા સહિતની કામગીરી પ્રભાવિત થઈ હતી. જોકે બપોરથી રાબેતા મુજબ કામ શરૂ થયું હતું.

દરમ્યાન વેરા વળતર યોજના શરૂ થયા બાદ આજ સુધીમાં ૨૫ હજારથી વધુ નાગરિકે ૧૪ કરોડથી વધુનો ટેકસ ચૂકવ્યો છે અને ૮૦ ટકાથી વધુ કરદાતાઓએ સ્માર્ટ ઓનલાઈન વ્યવસ્થાનો






ઉપયોગ કર્યો છે તે નોંધપાત્ર બાબત છે.મ્યુનિ. કોર્પોરેશનની ટેકસ શાખાના મેનેજરના જણાવ્યા મુજબ તા.૮ એપ્રિલથી એડવાન્સ વેરામાં વળતર યોજનાનો પ્રારંભ થયો હતો. ઓનલાઈન વેરો ૨૪ કલાક ચૂકવી શકાય છે અને તેમાં કોઈ રજા હોતી નથી. આજે બપોર સુધીમાં ૨૫૩૪૦ નાગરિકોએ ૧૪.૧૩ કરોડનો વેરો ભરીને વળતર મેળવ્યું છે. આ પૈકી ૨૦૩૫૭ કરદાતાઓએ ૧૧.૩૧ કરોડનો વેરો ઓનલાઈન ચૂકવ્યો છે. મનપા અને લોકો બંનેનો સમય આ ઓનલાઈન વ્યવસ્થા બચાવે છે અને તે કારણે વધુને વધુ લોકો વેબસાઈટ પર કે વોટસએપ ઉપરથી પણ ટેકસ ચૂકવી રહ્યા છે.

દરમ્યાન બે દિવસની સરકારી રજા બાદ આજે કચેરી ખુલી હતી. રાબેતા મુજબ સવારથી આધાર કેન્દ્ર બહાર લોકોની લાઈન હતી. જે બપોર સુધી યથાવત રહી હતી. સવારે ૧૦ થી ૧૨ સુધી સર્વર ધીમુ ચાલતું હતું. તેની અસર આધાર કેન્દ્ર અને સીવીક સેન્ટરમાં પણ હતી. આધાર કેન્દ્રમાં ફરી પાર્કિંગ સુધી લાઈન આવી ગઈ હતી. ખુબ ધીમી ગતિએ કામ ચાલતું હતું જે બપોરથી પૂર્વવત થયાનું અધિકારીઓએ કહ્યું હતું.

બીજી તરફ વેરા વળતર યોજના શરૂ થઈ છે ત્યારે નાગરિક સુવિધા કેન્દ્રમાં પણ વધુ લોકો ચેક અને કેશથી એડવાન્સ વેરો ભરવા પહોંચ્યા હતા. સવારે ઓનલાઈન વેરો ભરવામાં સર્વરના ધાંધીયા નડતા હતા. આ કારણે સીવીક સેન્ટર બહાર લાઈન હતી જોકે અરજદારો માટે ખુરશીની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ ઘણા કરદાતાઓનો સમય બગડયો હતો. આ જ રીતે જન્મ-મરણ વિભાગમાં પણ કામનું ભારણ વધી ગયું હતું. દાખલા કાઢવાની કામગીરી પણ ધીમી ગતિએ ચાલતી હોવાનું દેખાયું હતું.

# રાજકોટનાં શાપર વેરાવળમાં ભૂકંપના પાંચ આંચકા : લોકોમાં ગભરાહટ

## શાપર વેરાવળ, કોટડાસાંગાણી સહિતના વિસ્તાંરોમાં ધરા ધ્રુજી

રાજકોટ,

ઉનાળાના આકરા તાપ વચ્ચે આજે રાજકોટની ભાગોળે માત્ર ૮૫ મીનીટમાં ભૂકંપના ચાર આંચકા અનુભવાતા ફફડાટ સર્જાયો હતો. ઉપરાઉપરી ધરતીની ધ્રુજારીથી ભયભીત સંખ્યાબંધ લોકો ઘર-ફેક્ટરીની બહાર નીકળી ગયા હતા. શાપર ઉપરાંત લોઠડા-પારડી જેવા આસપાસના વિસ્તારોમાં પણ ધ્રુજારી હતી.

ગુજરાત સિસ્મોલોજી સેન્ટરમાંથી પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ નજીક બપોરે ૧૨.૫૦ કલાકે ૨.૧ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. ત્યારબાદ ૧.૧૭ કલાકે ૨.૩નો તથા ૧.૩૯ કલાકે ૧.૮ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ત્યારબાદ બપોરે ૨.૧૪ કલાકે ફરી વખત ૨.૨ની તીવ્રતાનો આંચકો હતો.

ચારેય આંચકાનું કેન્દ્ર બિંદુ રાજકોટથી ૧૭ કિ.મી. દક્ષિણ-દક્ષિણ પૂર્વ પર હોવાનું માલુમ પડ્યું છે. અધિકારીઓએ એવો દાવો કર્યો હતો કે ભૂકંપના ચાર આંચકા હોવા છતાં ચારેયની તીવ્રતા સામાન્ય




જ હતી એટલે કોઈ જાનમાલની નુકશાનીની સંભાવના રહેતી નથી.બપોરે ૧૨.૫૦થી ૨.૧૪ સુધીમાં વારાફરતી ચાર-ચાર આંચકાથી ફફડાટ સર્જાયો હતો. ધરતીની ધ્રુજારી અનુભવનારા લોકોએ કહ્યું કે શાપર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર છે એટલે આસપાસના ફોર્જીંગના કે અન્ય કોઈ કારખાનામાં ધડાકો થયો હશે અને તેની ધ્રુજારી હોવાની ચર્ચા થવા લાગી હતી અને તે જોવા માટે બહાર નીકળ્યા હતા. પરંતુ કોઈ ફેક્ટરીમાંથી ધડાકો ન થયાનું માલુમ પડ્યું હતું.